અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ જાન્યુઆરી ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ ત્રીજ

વર્ષ : ૧૫
અંક : ૧૬૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કેજરીવાલને 3 જાન્યુઆરી માટે ત્રીજું સમન્સ મોકલવામાં આવ્યું હતું । એક વખત પણ એજન્સી સમક્ષ હાજર થયા નથી

## આપ આઓ તો સહી! દિલ્હી CMને ચોથી વખત EDનું તેડું

। નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હી શરાબ કાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ED દ્વારા ફરી એકવાર પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યા છે. અરવિંદ કેજરીવાલને મળેલું આ ચોથું સમન્સ છે. આ પહેલા અરવિંદ કેજરીવાલને ત્રણ સમન્સ જારી કરવામાં આવ્યા છે અને તેઓ એક વખત પણ એજન્સી સમક્ષ હાજર થયા નથી. અરવિંદ કેજરીવાલને ૩ જાન્યુઆરી માટે ત્રીજું સમન્સ મોકલવામાં આવ્યું હતું. EDએ તેમને તપાસમાં સામેલ થવા માટે નોટિસ જારી કરી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પૂછપરછ કરવા માંગે છે. અરવિંદ કેજરીવાલે અત્યાર સુધી મળેલા ત્રણેય સમન્સની અવગણના કરી છે અને આરોપ લગાવ્યો છે કે ED નોટિસ ગેરકાયદેસર છે. દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ગયા વર્ષે ૨ નવેમ્બર અને ૨૧ ડિસેમ્બર અને આ વર્ષે ૩ જાન્યુઆરીએ તપાસમાં જોડાવા માટે કહેવામાં આવ્યું હતું. અરવિંદ કેજરીવાલને અગાઉ સમન્સ જારી કરવામાં આવ્યું હતું અને ગયા વર્ષે ૨ નવેમ્બર અને ૨૧ ડિસેમ્બર અને આ વર્ષે ૩ જાન્યુઆરીએ તપાસમાં જોડાવા માટે કહેવામાં આવ્યું હતું. પહેલા સમન્સમાં અરવિંદ કેજરીવાલ ચૂંટણી સભા માટે ગયા હતા અને બીજા સમન્સ દરમિયાન તેઓ વિપશ્યના માટે ગયા હતા.




### વિપક્ષોના ગઠબંધન ઈન્ડિયાની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

## વિપક્ષોના ગઠબંધન ઈન્ડિયાના સંયોજક બનવા માટે નીતિશ કુમારનો ઈનકાર

### બેઠકમાં લોકસભાની ચૂંટણી માટે બેઠકની વહેંચણી અંગે કોઈ ચર્ચા થઈ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

આજે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ (ઈન્ડિયા)ની એક વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી, જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, એનસીપીના વડા શરદ પવાર, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર સહિત કુલ ૧૦ પક્ષના નેતાએ ભાગ લીધો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ બેઠકમાં નીતીશ કુમારે ગઠબંધન ઈન્ડિયાના સંયોજક બનવાનો ઈનકાર કરી દીધો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ સામે લડવા માટે રચાયેલી ૨૬ વિપક્ષોના ગઠબંધનની એક મહત્ત્વપૂર્ણ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી, જેમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને આ ગઠબંધનના સંયોજક બનાવવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો, જેનો તેમણે અસ્વીકાર્ય કર્યો હતો. આ બેઠકમાં ભાગ લેનારા સંજય ઝાના જણાવ્યા અનુસાર નીતીશ કુમારે બેઠકમાં કહ્યું હતું કે મને કોઈ હોદ્દામાં રસ નથી'.

## ૨૦ જાન્યુઆરીથી અયોધ્યામાં આમંત્રણ સિવાય નો એન્ટ્રી

### રાજ્યવ્યાપી સ્વચ્છતા માટેનું એક વિશેષ અભિયાન ૧૪ જાન્યુઆરીથી અયોધ્યાથી શરૂ થઈ રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીના રોજ રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ૧૦,૦૦૦થી વધુ વીવીઆઈપી હાજર રહેવાની ધારણા સાથે, રાજ્ય સરકારે આદેશો જારી કર્યા છે કે જેમને શ્રી રામ જન્મ ભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા છે તેઓને જ ૨૦ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી વચ્ચે અયોધ્યામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. મુખ્ય સચિવ ડીએસ મિશ્રાએ સંબંધિત વિભાગોને આ ત્રણ દિવસ દરમિયાન અયોધ્યામાં કોઈ વધારાના લોકો હાજર ન રહે તે સુનિશ્ચિત કરવા માટે રોડ અને રેલ સહિત શહેરમાં પ્રવેશના સ્થળોએ જરૂરી વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો છે. સરકારે ૧૮ જાન્યુઆરીથી અયોધ્યામાં ખાનગી ઈમારતોમાં તમામ બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો છે જેથી બાંધકામનો કચરો પેદા ન થાય. આ ઉપરાંત આજુબાજુમાં પહેલેથી જ પડેલા કોઈપણ બાંધકામના કાટમાળને દૂર કરવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. વિશેષ બેઠકમાં અયોધ્યા, ગોરખપુર અને પ્રયાગરાજના વિભાગીય કમિશનરોએ વ્યક્તિગત પ્રેઝન્ટેશન આપ્યું હતું અને તેમની તૈયારીઓ વિશે મુખ્યમંત્રીને જાણ કરી અને તેમની પાસેથી માર્ગદર્શન માંગ્યું હતું. મુખ્યમંત્રીએ આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને મજબુત કાયદો અને વ્યવસ્થા અને ભક્તો માટેની સુવિધાઓ અંગે તમામ જિલ્લાઓ દ્વારા કરવામાં આવી રહેલી તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શિકા જારી કરી હતી. રાજ્યવ્યાપી સ્વચ્છતા માટેનું એક વિશેષ અભિયાન ૧૪ જાન્યુઆરીથી અયોધ્યાથી શરૂ થઈ રહ્યું છે. પહેલનું ઉદ્ઘાટન કરવા માટે હું વ્યક્તિગત રીતે અયોધ્યામાં હાજર રહીશ. આ અભિયાન સાથે શિક્ષકો, વિદ્યાર્થીઓ, મંગલ દળો અને સામાજિક કાર્યકરોને જોડીને સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

### જાહેર જનતા નોંધ

તમામ વાંચક મિત્રો, પત્રકાર મિત્રોને જણાવવાનું કે, તા. ૧૪-૦૧-૨૦૨૪ રવિવારના રોજ ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત (દૈનિક સમાચાર પત્ર) અમદાવાદ કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે જેથી તા. ૧૬-૦૧-૨૦૨૪ના દિવસે રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ કરવામાં આવશે



## ન્યુઝ બોક્ષ

### જૂનાગઢ સિવિલ હોસ્પિટલમા ક્યુઆર કોડ સ્કેન કરીને ઓપીડી માટે નામ નોંધાવી શકાશે

। જૂનાગઢ, તા.૧૩ ।

સિવિલ હોસ્પિટલમાં હવે દૂર દૂરથી આવતા દર્દીઓને ઓપીડી માટે લાઈનમાં રહીને નામ નોંધવાની જરૂર રહેશે નહીં.કારણ કે હવે સિવિલ હોસ્પિટલમાં ક્યુઆર કોડ સ્કેન કરીને દર્દીઓ પોતાનું નામ ઓપીડી માટે રજીસ્ટ્રેશન કરાવી શકશે .આ સુવિધા જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવી છે.જેમાં એક એપ્લિકેશન ઈન્સ્ટોલ કરીને દર્દીઓના સગા કે દર્દી પોતે ક્યુઆર કોડ સ્કેન કરીને પોતાનું નામ અને ક્યાં ડોક્ટર પાસે સારવાર લેવાની છે તે મુજબની ઓપીડી સિલેક્ટ કરીને તેનું નામ નોંધાવી શકે તે માટે હવે દર્દીઓને લાંબી લાંબી લાઈનમાં ઊભા રહેવું નહીં પડે અને ક્યુઆર કોડ સ્કેન કરીને નામ નોંધાવી દર્દીનો તાત્કાલિક તપાસમાં નંબર પણ આવી જાય છે.

### દિયોદર માર્કેટયાર્ડના ચેરમેનનું રાજીનામું લઈ લેવામાં આવ્યું

। (એજન્સી) દિયોદર, તા.૧૩ ।

બનાસકાંઠા જિલ્લાના દિયોદર માર્કેટયાર્ડના ચેરમેનનું રાજીનામું લેવામાં આવ્યુ હોવાના સમાચાર સામે આવ્યા છે. એપીએમસી સંચાલક મંડળ અને ચેરમેન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી મતભેદ સામે આવ્યા હતા. જેને લઈ રાજીનામું લઈ લેવામાં આવ્યુ હોવાનું માનવમાં આવી રહ્યું છે. ચેરમેને જીલ્લા ભાજપ પ્રમુખની સમક્ષ પોતાનું રાજીનામુ ધર્યુ છે.

બનાસકાંઠા જિલ્લાના રાજકારણમાં એકાએક હલચલ મચી છે. દિયોદર માર્કેટયાર્ડના ચેરમેન ઈશ્વર તરકે જિલ્લા ભાજપ પ્રમુખને હોદ્દો છોડવાને લઈ રાજીનામું ધર્યુ છે.

ઈશ્વર તરક અને એપીએમસીના સંચાલક મંડળ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. જેને લઈ ઈશ્વર તરકનું આખરે રાજીનામું લઈ લેવામાં આવ્યુ હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

એકાએક જ રાજીનામું લઈ લેવાના સમાચાર વહેતા થતા જ સ્થાનિક રાજકારણમાં હલચલ મચી જવા પામી છે. દિયોદર માર્કેટયાર્ડના ચેરમેન પદેથી રાજીનામું આપ્યા બાદ હવે ટૂંક સમયમાં જ નવા ચેરમેનની નિમણૂંક માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે. એકાએક જ રાજીનામું લઈ લેવાના સમાચાર વહેતા થતા જ સ્થાનિક રાજકારણમાં હલચલ મચી જવા પામી છે. દિયોદર માર્કેટયાર્ડના ચેરમેન પદેથી રાજીનામું આપ્યા બાદ હવે ટૂંક સમયમાં જ નવા ચેરમેનની નિમણૂંક માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી શકે છે.

### વૃક્ષો પણ કોઈ તસ્કર ચોરી કરી લઈ જવાની ઘટના સામે આવી

# ડીસામાં ૯ આસોપાલવ વૃક્ષો અજાણ્યા શખ્સ કાપી ગયા

### ડીસા નગર પાલિકાના ચીફ ઓફિસરે આ માટે તાલુક પોલીસ મથકને ફરિયાદ નોંધી તસ્કરોની સામે કાર્યવાહી કરવા જાણ કરી છે

। (એજન્સી) ડીસા, તા.૧૩ ।

બનાસકાંઠા જિલ્લાના ડીસા નગર પાલિકાએ ૯ ઝાડની ચોરીને લઈને પોલીસ ફરિયાદ નોંધવા માટે કાર્યવાહી કરી છે. પર્યાવરણના જતન માટે ઉછેરેલા વૃક્ષો અજાણ્યા શખ્શો રાત્રી દરમિયાન ચોરી કરી લઈ જવાને પગલે ડીસા નગર પાલિકાના ચીફ ઓફિસરે આ માટે તાલુક પોલીસ મથકને ફરિયાદ નોંધી તસ્કરોની સામે કાર્યવાહી કરવા જાણ કરી છે.

તસ્કરો આમ તો ઘર અને દુકાન તેમજ અન્ય સ્થળોએ ચોરી મચાવીને શિયાળામાં ત્રાસ વર્તાવી રહ્યા છે. આ દરમિયાન ડીસા નગર પાલિકાએ ઉછેર કરેલા વૃક્ષો પણ કોઈ તસ્કર ચોરી કરી લઈ જવાની ઘટના સામે આવી છે. ડીસા નગર પાલિકાના ચિફ ઓફિસરે આ મામલે હવે પોલીસ કાર્યવાહી માટેની પ્રક્રિયા શરુ કરી છે. એક તરફ હાલમાં પાલિકાઓ અને ગ્રામ પંચાયતો તથા મહાનગર પાલિકાઓ ગ્રીન સિટી અને વિલેજ માટેનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે અનેક પ્રયાસો કરીને હરીયાળી વધારવા માટે પ્રયાસ કરતા હોય છે. આ દરમિયાન ડીસા પાલિકાની સાઈટમાંથી તસ્કરો વૃક્ષો કાપી જવાને લઈ કાર્યવાહી કરવામાં આવી છે. આ દરમિયાન ડીસા નગર પાલિકાના મુખ્ય અધિકારીએ તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટરને વૃક્ષ ચોરીની ફરિયાદ નોંધવા માટે લેખિત રજૂઆત કરતા મામલો સામે આવ્યો છે. જે મુજબ ડીસા નગર પાલિકાની ઘન કચરા નિકાલ સાઈટની આસપાસ અને અંદરની બાજુએ વૃક્ષો ઉછેર કરવામાં આવ્યા છે. આ વૃક્ષો થકી પર્યાવરણમાં હરીયાળો માહોલ સ્થપાય એવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ દરમિયાન કોઈ અજાણ્યા શખ્શોએ અહીં ઉછેર કરવામાં આવેલ આસોપાલવના ૯ જેટલા ઝાડને કાપીને લઈ જઈ જવામાં આવેલ છે. આમ ઝાડ કાપીને વૃક્ષોને નુકસાન પહોંચાડ્યુ છે. આવી સ્થિતિને લઈ નગરપાલિકાએ વૃક્ષો અને પર્યાવરણને નુકસાન પહોંચાડવાને લઈ ચિફ ઓફિસરે પોલીસ કાર્યવાહી હાથ ધરવા માટે જાણ કરી છે.

એક રીતે તો આસોપાલવના વૃક્ષો થકી ના ફળ કે ના લાકડાની આવક પાલિકા ભવિષ્ય કે વર્તમાનમાં થનારી છે. પરંતુ જે રીતે પર્યાવરણની રીતે અજાણ્યા શખ્શોએ નુકસાન પહોંચાડ્યુ છે અને વૃક્ષ કાપી નાંખ્યા છે, તેને લઈ કાર્યવાહી કરવાની સરાહના થઈ રહી છે. આ દરમિયાન કોઈ અજાણ્યા શખ્શોએ અહીં ઉછેર કરવામાં આવેલ આસોપાલવના ૯ જેટલા ઝાડને કાપીને લઈ જઈ જવામાં આવેલ છે. આમ ઝાડ કાપીને વૃક્ષોને નુકસાન પહોંચાડ્યુ છે. આવી સ્થિતિને લઈ નગરપાલિકાએ વૃક્ષો અને પર્યાવરણને નુકસાન પહોંચાડવાને લઈ ચિફ ઓફિસરે પોલીસ કાર્યવાહી હાથ ધરવા માટે જાણ કરી છે.

એક રીતે તો આસોપાલવના વૃક્ષો થકી ના ફળ કે ના લાકડાની આવક પાલિકા ભવિષ્ય કે વર્તમાનમાં થનારી છે. પરંતુ જે રીતે પર્યાવરણની રીતે અજાણ્યા શખ્શોએ નુકસાન પહોંચાડ્યુ છે અને વૃક્ષ કાપી નાંખ્યા છે, તેને લઈ કાર્યવાહી કરવાની સરાહના થઈ રહી છે.

પાલિકાએ આ દીશામાં સેનેટરી ઈન્સ્પેક્ટર મારફતે રિપોર્ટ પણ તૈયાર કર્યો છે અને તેને આધારે ફોજદારી ગુનો નોંધવા માટે કાર્યવાહી કરી છે. આમ હવે આરોપીઓ સુધી પહોંચવામાં આવે અને પર્યાવરણના દુશ્મનો સામે યોગ્ય કાર્યવાહી થાય એ જરુરી છે.

### સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪નું પ્રથમ અંગદાન

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૪૦મું અંગદાન થયું, ત્રણ લોકોને નવજીવન મળ્યું

### સિવિલ હોસ્પિટલના તબીબોએ બ્રેઇન ડેડ યુવકના અંગોના રીટ્રાઇવલની પ્રક્રિયા હાથ ધરી જેના અંતે બંને કિડની અને લીવરનું દાન મેળવવામાં સફળતા મળી

। અમદાનાદ, તા.૧૩ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૪૦મું અંગદાન થયું છે. વર્ષ ૨૦૨૪નું આ પ્રથમ અંગદાન છે. ૧૪૦ માં અંગદાનમાં મહત્વની બાબત એ બની રહી કે, પરિવારજનોએ ગુપ્ત દાનરૂપે અંગદાન કર્યું. સમગ્ર વિગતો એવી છે કે, અમદાવાદના કાલુપુર વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષના યુવકને માથાના ભાગમાં ગંભીર ઈજાઓ થતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક નિદાનમાં તેઓને બ્રેઈન હેમરેજ થયું હોવાનું માલુમ પડ્યું હતું. જેથી દર્દીની સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. નવમી જાન્યુઆરીના રોજ તબીબો દ્વારા આ યુવકને બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો. બ્રેઈન ડેડ જાહેર થયા બાદ તેમના પરિવારજનોને જ્યારે સિવિલ હોસ્પિટલની ટીમ અને કાઉન્સેલર્સ દ્વારા અંગદાન અંગેની સમજૂતી આપવામાં આવી ત્યારે પરિવારજનોએ પરોપકાર ભાવને સર્વોપરી ગણતા સ્વજનના અંગોનું ગુપ્તદાન કરવાનો નિર્ણય કર્યો. અંગદાનના નિર્ણય બાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ આ બ્રેઈન ડેડ યુવકના અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયા હાથ ધરી. જેના અંતે બંને કિડની અને લીવરનું દાન મેળવવામાં સફળતા મળી. અંગદાનમાં મળેલા આ ત્રણેય અંગોને અમદાવાદ સિવિલ મેડીસીટીની જ કિડની ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ જરૂરિયાતમંદ દર્દીમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યાં છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ આ ક્ષણે જણાવ્યું હતું કે, અંગદાનની પ્રવૃત્તિને વેગવંતી બનાવી જરૂરિયાતમંદોને નવજીવન બક્ષવા માટે સમાજના દરેક વર્ગ અને રાજ્યના તમામ લોકોએ એક જૂટ થવું પડશે. અંગદાન અને તેનાથી મળતા જીવનદાનની મહત્વતા સમાજમાં પ્રસરાવી પડશે. તેની જનજાગૃતિ લોકોમાં કેળવાય તેવા સહિયારા પ્રયાસો હાથ ધરવા ડૉ .જોશી એ રાજ્યના તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે. અંગદાન અને તેનાથી મળતા જીવનદાનની મહત્વતા સમાજમાં પ્રસરાવી પડશે. તેની જનજાગૃતિ લોકોમાં કેળવાય તેવા સહિયારા પ્રયાસો હાથ ધરવા ડૉ .જોશી એ રાજ્યના તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ આ ક્ષણે જણાવ્યું હતું કે , અંગદાનની પ્રવૃત્તિને વેગવંતી બનાવી જરૂરિયાતમંદોને નવજીવન બક્ષવા માટે સમાજના દરેક વર્ગ અને રાજ્યના તમામ લોકોએ એક જૂટ થવું પડશે. અંગદાનની પ્રવૃત્તિને વેગવંતી બનાવી જરૂરિયાતમંદોને નવજીવન બક્ષવા માટે સમાજના દરેક વર્ગ અને રાજ્યના તમામ લોકોએ એક જૂટ થવું પડશે.

### કોટડા સાંગાણી તાલુકાના કરમાળ પીપળીયા ગામની ઘટના

## રાજકોટ મિત્રને બચાવવા જતાં મિત્રના હાથે જ મોત મળ્યું

। રાજકોટ, તા.૧૩ ।

૨૬ વર્ષીય કિશન પાતાણી નામના વ્યક્તિની તેના જ મિત્ર નરેશ ઓળકીયા દ્વારા ગુરૂવારના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના કરમાળ પીપળીયા ગામ ખાતે છરીનો ઘા લાગી જતાં મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. મૃતક કિશન પાતાણી અને ખોડા કોચરા નામના વ્યક્તિ જપાજપી કરી રહ્યા હતા. ત્યારે બંનેને છૂટા પાડવા માટે આરોપી નરેશ દ્વારા પોતાની પાસે રહેલ છરી વડે ખોડા કોચરાને ડરાવવા જતાં પોતાના જ મિત્ર કિશન પાતાણીને જમણા પગના સાથળના ભાગે લાગી જતા તેનું મૃત્યુ નિપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે.સમગ્ર મામલે મરણ જનારના નાના ભાઈ બહાદુર પાતાણી (ઉવ.૨૨) દ્વારા નરેશ ઓળકીયા (ઉવ.૨૪) વિરુદ્ધ કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન ખાતે આઈપીસી ૩૦૪ તેમજ જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધાવવામાં આવ્યો છે. મળતી વિગત અનુસાર મરણ જનાર તેમજ આરોપી મજૂરીકામ સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું છે. મરણ જનાર બે ભાઈઓમાં મોટો હોવાનું તેમજ તેને સંતાનમાં બે પુત્રીઓ હોવાનું પણ જાણવા મળ્યું છે. કિશન પાતાણીને ગંભીર ઈજા પહોંચતા તેનો મિત્ર અને આરોપી નરેશ ઓળકીયા સહિતના મિત્રો તેને સારવાર અર્થે ગોંડલની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. બનાવ સંદર્ભે ફોરેન્સિક પીએમ માટે મૃતકની લાશને રાજકોટ ખાતે ખસેડવામાં આવી હતી. સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર કરમાળ પીપળીયા ગામ ખાતે કિશન પાતાણી પોતાના મિત્રો સાથે પોતાની ઘર બહાર બેઠો હતો. ત્યારે દારૂ પીધેલી હાલતમાં ખોડા કોચરા ત્યાં આવી પહોંચી ગાળા ગાળી કરવા લાગ્યો હતો. જેથી સમગ્ર મામલે કિશનને તેને ગાળો બોલવાની ના કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ત્યારબાદ બંને વચ્ચે ઝપાછપી અને ઝઘડો શરૂ થયો હતો. દરમિયાન નરેશ ઓળકીયા પોતાના મિત્ર કિશનને બચાવવા માટે પોતાની પાસે રહેલ છરી વડે ખોડા કોચરાને ડરાવવા જતા છરી કિશનના પગમાં લાગી ગઈ હતી જેના કારણે તેને ગંભીર ઈજા પહોંચી હતી.

## સુરતમાં ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર સીધી ઈલેક્ટ્રિક થાંભલા સાથે અથડાઈ

। સુરત, તા.૧૩ ।

સુરતના પુણાગામ ખાતે સ્કૂલના ગેટ નજીક ઈલેક્ટ્રિકના થાંભલા સાથે ધડાકા સાથે કાર અથડાઈ હતી.

કારચાલક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જ્યો હતો. કાર અથડાતાં બેમાંથી એક થાંભલો તૂટી ગયો હતો અને વાયરોના લીધે લટકી રહ્યો હતો. અકસ્માતની સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થઈ હતી. ઘટના બાદ DGVCLના કર્મચારીઓ તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા. ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં વીજ સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો. સબનસીબે ઘટનામાં મોટી દુર્ઘટના બનતા રહી ગઈ હતી. ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં વીજ સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો. સબનસીબે ઘટનામાં મોટી દુર્ઘટના બનતા રહી ગઈ હતી.

## ૧૪ થી ૧૫ જાન્યુઆરી સુધી ફ્લાયઓવર બ્રિજ પર બાઈકની અવરજવર પર પ્રતિબંધ

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે. ત્યારે સૌ કોઈ ઉત્તરાયણના તહેવારને ઉજવવાની તૈયારી કરી રહ્યું છે. તેવામાં ઉત્તરાયણના તહેવાર પર અકસ્માતના બનાવમાં વધારો થાય છે.ત્યારે આ અકસ્માત નિવારવા માટે સુરત પોલીસ કમિશનર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. ૨ દિવસ સુરતના ફ્લાય ઓવરબ્રીજ પર ટુ વ્હીલરને નો એન્ટ્રીનો નિર્ણય લેવાયો છે,જેથી અકસ્માતના બનાવો ન બને તે હિતાર્થે નિર્ણય લેવામાં આવ્યો છે. સુરત પોલીસ કમિશનર દ્વારા ઉત્તારયણને લઈને જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. પતંગની દોરીથી થતા અકસ્માત રોકવાનો આ એક પ્રયાસ કરવામાં આવ્યો છે. મકરસંક્રાતિ નિમિત્તે સુરતના આકાશમાં મોટાપાયે પતંગો ઉડતા હોય છે આવી સ્થિતિમાં પતંગની કાતિલ દોરીને લઈને



વાહનચાલકોને અકસ્માતો નડતા હોય છે.

ત્યારે ૧૪ અને ૧૫ જાન્યુઆરીએ ફ્લાયઓવર બ્રિજ પર જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેથી અકસ્માતના બનાવો ન બને.

તાપી નદીના ઓવરબ્રિજ સિવાયના તમામ ઓવરબ્રિજ પર ટુ વ્હીલરના વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યું છે. વધુમાં સેફટી ગાર્ડ લગાવેલા ટુવ્હીલર પર કોઈ પ્રતિબંધ લાગુ પડશે નહિં અને જો આ જાહેરનામાના ભંગ કરનાર સામે પોલીસ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

લોકોની સલામતી અને સુરક્ષાને લઈ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે. પતંગના ધારદાર દોરાના કારણે અનેક અકસ્માતો બને છે. જે અકસ્માતો નિવારવા માટે સુરત પોલીસ કમિશનર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે જે ને લોકો આવકારી પણ રહ્યા છે. લોકોની સલામતી અને સુરક્ષાને લઈ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે. પતંગના ધારદાર દોરાના કારણે અનેક અકસ્માતો બને છે. જે અકસ્માતો નિવારવા માટે સુરત પોલીસ કમિશનર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે જે ને લોકો આવકારી પણ રહ્યા છે.

## વિશેષ

### ઠંડી સાથે લૂંટ અને ચોરીઓની ઘટનાઓની પરેશાની વધવા લાગી

# મોડાસા શહેરમાં રાત્રી દરમિયાન તસ્કરોનો ત્રાસ વધવા લાગ્યો


### પોલીસે તેને ઝડપવા જતાં અંધારામાં ફરાર થઈ ગયા : પોલીસે ચાર લુંટારુઓને શોધવા માટે કાર્યવાહી શરુ કરી છે

। મોડાસા, તા.૧૩ ।

ઉત્તર ગુજરાતમાં શિયાળાની ઠંડી સાથે લૂંટ અને ચોરીઓની ઘટનાઓની પરેશાની વધવા લાગી છે. અરવલ્લી જિલ્લામાં પણ આવો જ એક પ્રયાસ થતો રહી જવા પામ્યો છે. ધાડપાડુ ગેંગ મોડાસામાં પોલીસને નજર આવી હતી. જેને લઈ પોલીસે તેને ઝડપવા જતાં અંધારામાં ફરાર થઈ ગયા હતા. પોલીસે ચાર લુંટારુઓને શોધવા માટે કાર્યવાહી શરુ કરી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રાત્રી દરમિયાન તસ્કરોનો ત્રાસ વધવા લાગ્યો છે. શિયાળાની ઠંડીની મોસમ સાથે જ તસ્કરો અને ધાડપાડુઓનો ત્રાસ વધવા લાગ્યો છે. જેને લઈ સ્થાનિક પોલીસ દ્વારા તેમની પર નિયંત્રણ મેળવવા માટે પ્રયાસો શરુ કરવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રાત્રી દરમિયાન તસ્કરોનો ત્રાસ વધવા લાગ્યો છે. શિયાળાની ઠંડીની મોસમ સાથે જ તસ્કરો અને ધાડપાડુઓનો ત્રાસ વધવા લાગ્યો છે. જેને લઈ સ્થાનિક પોલીસ દ્વારા તેમની પર નિયંત્રણ મેળવવા માટે પ્રયાસો શરુ કરવામાં આવ્યા છે.

આવી જ રીતે એક ધાડપાડુ ગેંગ અને પોલીસનો આમનો સામનો થઈ ગયો હતો. મોડાસા શહેરમાં જીપની ટીમ પેટ્રોલિંગમાં હતી એ દરમિયાન એક ધાડપાડુ ગેંગ નજરમાં





આવી હતી. પોલીસની ટીમને જોઈને ગેંગે પોતાનું વાહન પૂરપાટ ઝડપે દોડાવીને પોલીસથી બચવા દોડાવી મુક્યુ હતુ.

SOG ની ટીમ મોડાસા શહેર અને આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન આ ધાડપાડુ ગેંગનો આમનો સામનો થઈ ગયો હતો. ભેરુન્ડા સર્કલ નજીક રાણા સૈયદ બાયપાસ રોડ હાઈવે રોડ પર એક વાહન પર શંકા જતા તેને ચેકિંગ કરવા માટે પ્રયાસ કર્યો હતો. ઉભેલા વાહનને જોઈને શંકાસ્પદ લાગતા પોલીસની ટીમના માણસો તેની નજીક જતાં જ તેઓ ચોંકી ઉઠ્યા હતા.

પોલીસની ટીમ પર પર નજર પડતા જ વાહન ચાલુ કરીને પુરપાટ ઝડપે દોડાવી મુક્યુ હતુ. વાહનની એટલે ઝડપી ગતિથી આરોપીઓએ દોડાવ્યુ હતુ કે, તેમનાથી વાહન પર પૂરતો કાબૂ પણ રહ્યો નહોતો અને બાયપાસ રોડની સાઈડમાં લગાવેલ લોખંડની ઈંગલો સાથે અકસ્માત સર્જી દીધો હતો. અકસ્માત સર્જાતા જ ચારેય આરોપીઓ ગાડી છોડીને ભાગી છૂટ્યા હતા. પોલીસે પીછો કરતા તેમના વાહન નજીક પહોંચે એ પહેલા જ ચારેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા.પોલીસની ટીમ પર પર નજર પડતા જ વાહન ચાલુ કરીને પુરપાટ ઝડપે દોડાવી મુક્યુ હતુ. વાહનની એટલે ઝડપી ગતિથી આરોપીઓએ દોડાવ્યુ હતુ કે, તેમનાથી વાહન પર પૂરતો કાબૂ પણ રહ્યો નહોતો અને બાયપાસ રોડની સાઈડમાં લગાવેલ લોખંડની ઈંગલો સાથે અકસ્માત સર્જી દીધો હતો. અકસ્માત સર્જાતા જ ચારેય આરોપીઓ ગાડી છોડીને ભાગી છૂટ્યા હતા.

પોલીસે પીછો કરતા તેમના વાહન નજીક પહોંચે એ પહેલા જ ચારેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

વાહનની તલાશી લેતા તેમાંથી લૂંટ અને ધાડ કરવાનો સામાન મળી આવ્યો હતો. આરોપીઓએ ગાડીમાં રાખેલ લોખંડની કોશ, મોટું ડીસમીસ, લોખંડની સાણસી, હેક્ઝો બ્લેડ, પક્કડ, ધાતુના બે ધારદાર ચપ્પુ અને ધાતુનુ કટર સહિતનો સામાન મળી આવ્યો હતો. પોલીસે વાહન અને લૂંટ અને ધાડ માટે ઉપયોગમાં લઈ શકાય એવો સામાન કબજે લઈને મોડાસા શહેર પોલીસ મથકમાં ગુનો નોંધ્યો છે.

વોન્ટેડ આરોપી

૧. આરીફ ખ્યાલી મુલતાની, રહે ચાંદ ટેકરી, તા. મોડાસા. જિ. અરવલ્લી

૨. સાદીક લુલીયો મુલતાની, રહે ચાંદ ટેકરી, તા. મોડાસા. જિ. અરવલ્લી

૩. અસલમ મુલતાની, રહે ચાંદ ટેકરી, તા. મોડાસા. જિ. અરવલ્લી

૪. તથા અન્ય એક આરોપી

### રાતોરાત બાબરી મસ્જિદમાં રખાઇ હતી મૂર્તિ

# IAS કેકે નાયર ન હોત તો રામ મંદિર બન્યું જ ન હોત

## નેહરુએ તેમને વિવાદિત સ્થળ પર રાખવામાં આવેલી રામ લલ્લાની પ્રતિમાઓને હટાવવા માટે બે વાર આદેશ આપ્યો હતો

। નવી દિલ્હી, તા.૧૩ ।

અયોધ્યાના રામ મંદિરમાં ૨૨ જાન્યુઆરીએ રામ લલ્લાના અભિષેકના ભવ્ય કાર્યક્રમની તૈયારીઓ અંતિમ ચરણમાં છે. આ સમારોહમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે અયોધ્યા પહોંચશે. આ પહેલા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બીજા ઘણા કાર્યક્રમોમાં ભાગ લેશે. આ સમય દરમિયાન, તે વ્યક્તિને યાદ રાખવા જોઈએ કે જેના કારણે આઝાદીના થોડા સમય પછી, બાબરી મસ્જિદમાં રાલ લલ્લાની મૂર્તિઓ રાતોરાત મૂકવામાં આવી હતી. એટલું જ નહીં તેમણે તત્કાલિન વડાપ્રધાન જવાહર લાલ નેહરુના આદેશની અવગણના કરીને વિવાદિત સ્થળ પરથી પ્રતિમાઓ હટાવવાનો પણ ઈક્કાર કરી દીધો હતો. તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ તેમને વિવાદિત સ્થળ પર રાખવામાં આવેલી રામ લલ્લાની પ્રતિમાઓને હટાવવા માટે બે વાર આદેશ આપ્યો હતો. કેકે નાયરે બંને વખત તેમના આદેશોનું પાલન કરવામાં અસમર્થતા દર્શાવી હતી. આનાથી તેમની હિંદુત્વવાદી અધિકારી તરીકેની છબી ઉભી થઈ હતી. બાદમાં તેઓને આનો મોટો ફાયદો પણ થયો. તેઓ અને તેમની પત્નીએ પછીથી લોકસભાની ચૂંટણી લડી હતી અને તેમાં જીત પણ મેળવી હતી. આટલું જ નહીં, તેમના ડ્રાઈવરને પણ તેમની છબીનો લાભ મળ્યો હતો. તેમના ડ્રાઈવરે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી લડી અને જીતીને ધારાસભ્ય બની ગયા હતા. ૨૨ અને ૨૩ ડિસેમ્બર



૧૯૪૯ની મધ્યરાત્રિએ, રામ લલ્લાની મૂર્તિઓને કથિત રીતે ગુપ્ત રીતે બાબરી મસ્જિદમાં મૂકવામાં આવી હતી. આ પછી અયોધ્યામાં હોબાળો થયો કે ભગવાન જન્મભૂમિમાં પ્રગટ થયા છે. લિબરહાન કમિશનના રિપોર્ટ અનુસાર ઘટનાસ્થળે તૈનાત કોન્સ્ટેબલ માતા પ્રસાદે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ રામ દુબેને ઘટનાની જાણકારી આપી હતી. માતા પ્રસાદે જણાવ્યું કે ૫૦ થી ૬૦ લોકો પરિસરના તાળા તોડી અંદર ઘૂસ્યા. આ પછી તેમણે ત્યાં શ્રી રામની મૂર્તિ સ્થાપિત કરી હતી. તેમજ પીળા અને ભગવા રંગોમાં શ્રી રામ લખવામાં આવ્યું હતું. હેમંત શર્માએ પોતાના પુસ્તક 'યુદ્ધ મેં અયોધ્યા'માં લખ્યું છે કે કેરળના અલેપ્પીના રહેવાસી કેકે નાયર ૧૯૩૦ બેચના ICS ઓફિસર હતા. ફૈઝાબાદના ડીએમ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન બાબરી સ્ટ્રક્ચરમાં મૂર્તિઓ મૂકવામાં આવી હતી. તેઓનાં પુસ્તકમાં લેખક હેમંત શર્મા લખે છે કે નાયર આધુનિક ભારતમાં બાબરી કેસ સાથે સંબંધિત વ્યક્તિ છે, જેમના કાર્યકાળ દરમિયાન આ કેસમાં સૌથી મોટો વળાંક આવ્યો હતો. આની દેશના સામાજિક-રાજકીય ફેબ્રિક પર મોટી અસર પડી હતી. કેકે નાયર ૧ જૂન ૧૯૪૯ના રોજ ફૈઝાબાદના કલેક્ટર બન્યા હતા. ૨૩ ડિસેમ્બર, ૧૯૪૯ ના રોજ, જ્યારે ભગવાન રામની મૂર્તિઓ મસ્જિદમાં રાખવામાં આવી હતી, ત્યારે નહેરુએ યુપીના તત્કાલિન સીએમ ગોવિંદ બલ્લભ પંતને તરત જ મૂર્તિઓ દૂર કરવા કહ્યું હતું. ઉત્તર પ્રદેશ સરકારે પ્રતિમાઓ હટાવવાનો આદેશ આપ્યો હતો, પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટ કે.કે. નાયરે રમખાણો અને હિંદુ લાગણીઓને ભડકાવવાના ડરથી આ આદેશનું પાલન કરવામાં અસમર્થતા દર્શાવી હતી. જેમના કાર્યકાળ દરમિયાન આ કેસમાં સૌથી મોટો વળાંક આવ્યો હતો. આની દેશના સામાજિક-રાજકીય ફેબ્રિક પર મોટી અસર પડી હતી. કેકે નાયર ૧ જૂન ૧૯૪૯ના રોજ ફૈઝાબાદના કલેક્ટર બન્યા હતા. ૨૩ ડિસેમ્બર, ૧૯૪૯ ના રોજ, જ્યારે ભગવાન રામની મૂર્તિઓ મસ્જિદમાં રાખવામાં આવી હતી, ત્યારે નહેરુએ યુપીના તત્કાલિન સીએમ ગોવિંદ બલ્લભ પંતને તરત જ મૂર્તિઓ દૂર કરવા કહ્યું હતું. ઉત્તર પ્રદેશ સરકારે પ્રતિમાઓ હટાવવાનો આદેશ આપ્યો હતો, પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટ કે.કે. નાયરે રમખાણો અને હિંદુ લાગણીઓને ભડકાવવાના ડરથી આ આદેશનું પાલન કરવામાં અસમર્થતા દર્શાવી હતી.

### ઈરાને અમેરિકા સાથે બદલો વાળ્યો

## ઓમાનના દરિયા નજીકથી યુએસનું ક્રૂડ ઓઈલ લઈ જતું જહાજ જપ્ત




। તહેરાન, તા.૧૩ ।

ઓમાનના દરિયા કિનારા નજીકથી ઈરાને અમેરિકાનુ ક્રુડ ઓઈલ લઈ જતુ જહાજ જપ્ત કરી લીધુ છે. આ જહાજ પર ૧૯ ક્રુ મેમ્બર છે. જેમાંથી ૧૮ ફિલિપાઈન્સના નાગરિકો અને એક ગ્રીસનો રહેવાસી છે. ઈરાનની નૌસેનાનુ કહેવુ છે કે, સેન્ટ નિકોલસ નામના આ જહાજને જપ્ત કરવામાં આવ્યુ છે. આ જહાજનો ઉપયોગ અમેરિકાએ ગત વર્ષે અમારુ ક્રુડ ઓઈલ ચોરી કરવા માટે કર્યો હતો. ઈરાનનુ નિવેદન યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશનની ટિપ્પણી પ છી આવ્યુ છે.

મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે, હથિયારધારી લોકોએ સેન્ટ નિકોલસ જહાજને પોતાના કબ્જામાં લીધી છુ. જેનો માલિકી હક ગ્રીસની કંપની પાસે છે. આ જહાજને ઈરાનના બંદર એ જસ્ક તરફ વાળવામાં આવ્યુ હતુ.

જોકે ઈરાનના નિવેદન બાદ સ્પષ્ટ થઈ ગયુ છે કે, ઈરાનની નૌસેનાએ આ જહાજને જપ્ત કર્યુ છે. ઈરાનની ન્યૂઝ એજન્સીના કહેવા પ્રમાણે આ જહાજ પહેલા સ્વેજ રાજન નામથી ઓળખાતુ હતુ અને અમેરિકા દ્વારા ઈરાનના ક્રુડ ઓઈલની ચોરી કરવા માટે આ જહાજનો ઉપયોગ કરવામાં આવતો હતો. અમેરિકા સામે બદલો લેવા માટે આ જહાજને જપ્ત કરવામાં આવ્યુ હતુ.

અન્ય એક ઈન્ટરનેશનલ ન્યૂઝ એજન્સીના કહેવા અનુસાર જહાજ પર ૧.૪૫ લાખ ટન ક્રુડ ઓઈલનો જથ્થો છે. જહાજ ઈરાકના બસરાથી તુર્કીના અલીગા બંદર પર જઈ રહ્યુ હતુ.

૨૦૨૩માં આ જહાજને અમેરિકન અધિકારીઓએ જપ્ત કર્યુ હતુ અને તેના પરનો ૯.૮૦ લાખ બેરલ ક્રુડ ઓઈલનો જથ્થો પણ જપ્ત કર્યો હતો. અમેરિકાએ કહ્યુ હતુ કે, આ ઓઈલ ચીનને પ્રતિબંધોનો ભંગ કરીને વેચવામાં આવી રહ્યુ હતુ.

આ જહાજને દંડ ભરીને છોડાવવામાં આવ્યુ હતુ. બાદમાં તેનુ નામ બદલી નાંખવામાં આવ્યુ હતુ. અમેરિકાની કાર્યવાહીના વળતા જવાબમાં ગત વર્ષે ઈરાને અમેરિકા સાથે જોડાયેલા બે ટેક્કર એડવાન્ટેજ સ્વીટ અને નિઓવીને જપ્ત કરી લીધા હતા.

હવે ઈરાને ફરી અમેરિકા સાથે બદલો લેવાની વાત કરીને ઓઈલ ટેક્કર જપ્ત કરીને પલિતો ચાંપ્યો છે ત્યારે અમેરિકાના વળતા જવાબની અપેક્ષાએ ઓમાનના દરિયામાં તંગદિલી વધી રહી છે.

### ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશને ચેતવણી આપી

## ૨૦૨૪ના વર્ષમાં વિશ્વમાં બેરોજગારી અને મોંઘવારી વધવાની શક્યતા

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૩ ।

૨૦૨૪ના વર્ષમાં બેરોજગારી અને મોંઘવારી વધશે તેવી ચેતવણી યુનાઈટેડ નેશન્સની એજન્સી ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશને આપી છે.

એજન્સીના કહેવા પ્રમાણે બેકારીનો દર કોરોનાની મહામારી ફેલાઈ તે પહેલાના સ્તર કરતા ઓછો છે પણ વૈશ્વિક સ્તરે બેકારીના દરની સરેરાશ વધે તેવી શક્યતા છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના કહેવા અનુસાર જી-૨૦ સંગઠનના સભ્ય દેશોમાં શ્રમિકોને અપાતા વાસ્તવિક મહેનાતાણામાં ઘટાડો થયો છે. કારણકે મહેનાતાણામાં જે પણ વધારો થયો છે તેના કરતા મોંઘાવારી વધારે



છે. ૨૦૨૪માં વૈશ્વિક બૈકારી દર ૫.૧ ટકાથી વધીને ૫.૨ ટકા પર પહોંચવાનુ અનુમાન છે. ૨૦૨૨માં વૈશ્વિક બેકારી દર ૫.૩ ટકા હતો. જે ગત વર્ષે ઘટીને ૫.૧ ટકા થયો હતો. જેમાં આ વર્ષે ફરી વધારો થશે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનનુ માનવુ છે કે, લેબર માર્કેટમાં અસમાનતા વધી રહી છે અને ઉત્પાદકતામાં પણ ખાસ વધારો જોવા મળી રહ્યો નથી અને આ બાબત ચિંતાનુ કારણ છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, ચીન, રશિયા તેમજ મેક્સિકોમાં ૨૦૨૩માં વાસ્તવિક રીતે વેતનમાં વધારો જોવા મળ્યો હતો.

જોકે જી-૨૦ના બીજે દેશોમાં વાસ્તવિક મહેનતાણામાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં બ્રાઝિલ, ઈટાલી અને ઈન્ડોનેશિયા મોખરે રહ્યા હતા. જોકે જી-૨૦ના બીજે દેશોમાં વાસ્તવિક મહેનતાણામાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં બ્રાઝિલ, ઈટાલી અને ઈન્ડોનેશિયા મોખરે રહ્યા હતા.

## IMFએ પાક.ને ૭૦૦ મિલિયન ડોલરની વધુ એક લોન મંજૂર કરી

। ઈસ્લામાબાદ, તા.૧૩ ।

મોંઘવારી અને આર્થિક કંગાળી વચ્ચે લોન માટે આઈએમએફ(ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ) સમક્ષ કરેલી કાકલૂદીઓ પાકિસ્તાનને ફળી રહી છે. પાકિસ્તાનને આઈએમએફ દ્વારા ૭૦૦ મિલિયન ડોલરની વધુ એક લોન આપવાની જાહેરાત કરવામાં આવી છે. વિદેશી હુંડિયામણની તંગીથી ઝઝૂમી રહેલા પાકિસ્તાન માટે આ લોન રાહતરૂપ બનશે. પાકિસ્તાને આર્થિક સુધારા માટે બનાવેલા કાર્યક્રમનો રિવ્યૂ કર્યા બાદ આઈએમએફે ઉપરોક્ત નિર્ણય લીધો છે.

### રશિયા પર અનેક દેશોએ પ્રતિબંધો લાદ્યા હતા

## ભારતને ધમકાવનારા યુએસએ જ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદ્યું

। (એજન્સી) મોસ્કો, તા.૧૩ ।

રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ શરુ થયુ તે બાદ અમેરિકા અને બીજા પશ્ચિમી દેશોએ રશિયા પર જાત જાતના પ્રતિબંધો લાગુ કર્યા હતા. જેમાં રશિયા પાસે ક્રુડ ઓઈલ નહીં ખરીદવાના નિર્ણયનો પણ સમાવેશ થતો હતો.

જોકે ભારતે આ પ્રતિબંધોની દરકાર કર્યા વગર રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાનુ શરુ કર્યુ ત્યારે અમેરિકાએ શરુઆતમાં ભારતને ધમકી આપવાની પણ કોશિશ કરી હતી. અમેરિકાના કેટલાક નેતાઓએ તો ભારત પર પ્રતિબંધ મુકવા સુધીની અપીલ પણ પોતાની સરકારને કરી હતી. હવે અમેરિકાએ પોતે જ રશિયા પાસેથી યુધ્ધ શરુ થયા બાદ પહેલી વખત ક્રુડ ઓઈલની ખરીદી કરી છે. રશિયન અખબારના દાવા અનુસાર અમેરિકાએ ૩૫ લાખ ડોલરનુ ઓઈલ રશિયા પાસેથી ખરીદયુ છે અને આ ઓઈલ અમેરિકા પહોંચી પણ ગયું છે. બીજી તરફ અમેરિકાએ નવો દાવો કર્યો છે કે, જી-૭ દેશો તરફથી રશિયાના ઓઈલ પર લગાવવામાં આવેલી પ્રાઈસ કેપ કામ કરી રહી છે. જેનાથી રશિયાને ઓઈલમાંથી થઈ રહેલી કમાણીમાં ભારે ઘટાડો થયો છે. રશિયા હવે ૬૦ બેરલ પ્રતિ ડોલરની ઉપર ઓઈલ વેચી શકતું નથી. આ પ્રાઈસ કે પ્રમાણે ૬૦ ડોલરથી વધારે ભાવનુ ઓઈલ લઈ જનાર જહાજો પર પ્રતિબંધ છે અને આ ઓઈલની હેરફેર માટે ઈન્સ્યોરન્સ પણ મળી શકતો નથી.

### ભારત જોડો ન્યાય યાત્રા પહેલા ભાજપ પર પ્રહાર

## સત્તાના ઘમંડમાં શહેનશાહ જમીની વાસ્તવિકતાથી દૂર થઈ ગયા : રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાની ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરતા પહેલા ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને પીએમનરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે.

શુક્રવારે રાહુલ ગાંધીએ દેશના યુવાનોને સંબોધિત કરતા કહ્યું કે, "દેશના યુવાનો! આજે રાષ્ટ્રીય યુવા દિવસ પર, આપણે સ્વામી વિવેકાનંદના વિચારોને ફરીથી યાદ કરવાની જરૂર છે. તેમણે યુવા શક્તિને સમૃદ્ધ દેશનો આધાર અને પીડિત અને ગરીબોની સેવાને સૌથી મોટી તપસ્યા ગણાવી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું, "યુવાનોએ વિચારવું પ ડશે કે, આપણા સપનાના ભારતની ઓળખ શું હશે? જીવનનીગુણવત્તા કે, માત્ર લાગણીશીલતા? ઉશ્કેરણીજનક નારા લગાવતા યુવાનો કે નોકરી કરતા યુવાનો? પ્રેમ કે નફરત? આજે વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન હટાવીને ભાવનાત્મક મુદ્દાઓનો રાજકીય રીતે દુરુપ યોગ કરવામાં આવી રહ્યો છે, જે દેશની જનતા સાથે વિશ્વાસઘાત છે. વધતી બેરોજગારી અને



મોંઘવારી વચ્ચે યુવાનો અને ગરીબો શિક્ષણ, કમાણી અને દવાઓના બોજથી દબાઈ રહ્યા છે અને સરકાર તેને 'અમૃ ત કાળ' બતાવીને ઉજવણી કરી રહી છે. સત્તાના ઘમંડના નશામાં ધૂત શહેનશાહ જમીની વાસ્તવિકતાથી ઘણા દૂર થઈ ગયા છે." રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ૧૪ જાન્યુઆરીથી મણિપુરથી શરૂ થવાની છે ત્યારે રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, અન્યાયના આ વાવાઝોડામાં ન્યાયની જ્યોતને પ્રજ્વલિત રાખવા માટે, સ્વામી વિવેકાનંદજીના ઉપ દેશોમાંથી પ્રેરણા લઈને, જ્યાં સુધી તેમને ન્યાયનો અધિકાર ન મળે ત્યાં સુધી કરોડો યુવા 'ન્યાય યોદ્ધાઓ' મારી સાથે આ સંઘર્ષમાં જોડાઈ રહ્યા છે. સત્યનો વિજય થશે, ન્યાયનો વિજય થશે!

### વેરિયન્ટ જેએન.૧ના કેસોની વધતી સંખ્યા ડરામણી

## કોરોનાના જેએન.૧ વેરિયન્ટના કુલ કેસ ૧૦૧૩ ઉપર પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દેશભરમાં કોરોનાનો કેર વધી રહ્યો છે અને નવા વેરિયન્ટ જેએન.૧ના કેસોની વધતી સંખ્યા હવે ડરાવી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર દેશમાં કોવિડના ૬૦૯ નવા કેસ નોંધાયા છે જ્યારે સંક્રમણના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૩,૩૬૮ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો ત્રણ લોકોના મોત થયા છે જેમાં બે કેરળના અને એક કર્ણાટકના દર્દીનો સમાવેશ થાય છે. આ વચ્ચે કોવિડના નવા વેરિયન્ટ જેએન.૧ના કેસની સંખ્યા એક હજારથી પણ વધુ થઈ ગઈ છે.

કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧ બાદ દિવસેને દિવસે કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ વચ્ચે રાહતના સમાચાર પણ સામે આવી રહ્યા છે જેમાં મોટાભાગના એક્ટિવ કેસમાં ઘરમાં જ ઓઈસોલેશન દરમિયાન સાજા થઈ રહ્યા છે. આ માટે હોસ્પિટલમાં જવા કે દાખલ થવાની જરૂર રહેતી નથી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોનાના નવા કેસોને ધ્યાનમાં રાખીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એક માર્ગદર્શિકા જાહેર કરી છે અને સાવચેતી રાખવાની સલાહ આપી છે. નવી માહિતી અનુસાર, કર્ણાટકમાં કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧ના ૨૧૪ દર્દીઓ, મહારાષ્ટ્રમાં ૧૭૦, કેરળમાં ૧૫૪, આંધ્રપ્રદેશમાં ૧૮૯, ગુજરાતમાં ૭૬ અને ગોવામાં ૬૬, તેલંગાણા ૩૨,



રાજસ્થાન ૩૨, છત્તીસગઢમાં ૨૫, તમિલનાડુમાં ૨૨, દિલ્હીમાં ૧૬, ઉત્તર પ્રદેશમાં ૬, હરિયાણામાં ૫, ઓડિશામાં ૩, પશ્ચિમ બંગાળમાં ૨ અને ઉત્તરાખંડમાં ૧ કેસ નોંધાયો છે. ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં નવા સબ-વેરિયન્ટના કુલ ૧,૦૧૩ દર્દીઓની પુષ્ટિ થઈ છે.

કોરોના મહામારીના આંકડાઓ પર નજર કરીએ તો, કોરોનાને કારણે વૈશ્વિક સંક્રમણ અને મૃત્યુના મામલામાં ભારત હજુ પણ બીજા સ્થાને છે. સંક્રમણ અને મૃ ત્યુના સૌથી વધુ કેસ યુએસએમાં નોંધાયા છે. યુએસએમાં અત્યાર સુધીમાં (૧૨ જાન્યુઆરી, ૨૦૨૪) ૧૧૦,૪૬૨,૫૬૦ લોકો કોરોના સંક્રમિત થયા છે, જ્યારે મૃ ત્યુઆંક ૧,૧૯૧,૮૧૫ છે. બીજા સ્થાને, ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૪૫,૦૨૦,૩૩૩ કેસ નોંધાયા છે અને અહીં સત્તાવાર મૃત્યુઆંક ૫૩૩,૪૦૯ છે. ત્યારબાદ ફ્રાંસ, જર્મની, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, જાપાન અને ઈટાલીમાં સૌથી વધુ સંક્રમણના કેસ નોંધાયા છે. કોરોના મહામારીના આંકડાઓ પર નજર કરીએ તો, કોરોનાને કારણે વૈશ્વિક સંક્રમણ અને મૃત્યુના મામલામાં ભારત હજુ પણ બીજા સ્થાને છે. સંક્રમણ અને મૃ ત્યુના સૌથી વધુ કેસ યુએસએમાં નોંધાયા છે. યુએસએમાં અત્યાર સુધીમાં (૧૨ જાન્યુઆરી, ૨૦૨૪) ૧૧૦,૪૬૨,૫૬૦ લોકો કોરોના સંક્રમિત થયા છે, જ્યારે મૃ ત્યુઆંક ૧,૧૯૧,૮૧૫ છે. બીજા સ્થાને, ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૪૫,૦૨૦,૩૩૩ કેસ નોંધાયા છે અને અહીં સત્તાવાર મૃત્યુઆંક ૫૩૩,૪૦૯ છે. ત્યારબાદ ફ્રાંસ, જર્મની, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, જાપાન અને ઈટાલીમાં સૌથી વધુ સંક્રમણના કેસ નોંધાયા છે.

### ભીમ આર્મીના ચીફ ચંદ્રશેખર આઝાદ ફરીથી ચર્ચામાં

## જાતિગત આપત્તીજનક ટીપ્પણી બદલ રામભદ્રાચાર્ય સામે પગલાં લેવા માગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભીમ આર્મીના ચીફ ચંદ્રશેખર આઝાદ ફરીથી ચર્ચામાં છે. આ વખતે તેમના નિશાને કથાવાચર અને ધર્મ ગુરુ રામભદ્રાચાર્ય છે. તેમણે સરકાર પાસે માંગણી કરી છે કે તેઓ ટૂંક સમયમાં રામભદ્રાચાર્ય પર એક્શન લે. સંતને જેલમાં પૂરવામાં આવે નહીંતર તેમની પાર્ટી (ભીમ આર્મી) તક મળતા જ તેમની સેવા કરી દેશે. આ વિવાદ રામભદ્રાચાર્યની ૮ જાન્યુઆરીએ બિહારના કરપી અરવલમાં થયેલી એક કથા બાદ સર્જાયો હતો. તેમણે આ દરમિયાન ભગવાન રામને પૂજવાની વાત કહી હતી. તેમણે ત્યારે રામનું નામ ન જપનાર માટે એક જાતિનો ઉલ્લેખ કરીને કથિત રીતે આપત્તિજનક ટિપ્પ ણી કરી હતી. કથામાં તેમના નિવેદનનો વીડિયો જ્યારે બાદમાં સોશિયલ મીડિયા પર આવ્યો તો ખૂબ વાયરલ થઈ ગયો. ક્લિપના વાયરલ થયા બાદ તે જાતિના લોકોમાં ખૂબ નારાજગી જોવા મળી. સોશિયલ મીડિયા પર રામભદ્રાચાર્યને અરેસ્ટ કરવાની માંગણી સાથે હેશટેગ ટ્રેન્ડ પણ થયુ. આઝાદે આચાર્યની ટિપ્પણીને લઈને માઈક્રો બ્લોગિંગ મંચ એક્સ પર પોસ્ટ કરી. આ જાતિવાદથી ગ્રસ્ત એક પાંખડી છે. જે સંતના વસ્ત્ર પહેરીને પણ જાતિગત અપ શબ્દો અને જાતીય ઊંચ-નીચની વાતો કરતા રહે છે. તેમના નિવેદન સખત મહેનતુ એસસી, એસટી, ઓબીસી વર્ગો અને જાતિઓ સાથે આપણા મહાપુરુષોનું પણ અપમાન છે. આને આ બહુજન સમાજ સહન કરશે નહીં. વ્યક્તિ કર્મથી મોટો હોય છે, જાતિથી નહીં. જાતિના આધાર પર ઊંચ-નીચની વાત કરનાર પોતે મહાનીચ હોય છે. ચંદ્રશેખરે આગળ આક્રમક વલણમાં લખ્યુ, સરકારને ચેતવણી છે. તેમના વિરુદ્ધ એફઆઈઆરનોંધીને તાત્કાલિક જેલમાં પૂરો નહીંતર ભીમ આર્મીને તક મળશે તો તેમની સેવા કરી દેશે. ચંદ્રશેખર સિવાય સોશિયલ મીડિયા પર ઘણા અન્ય લોકો રામભદ્રાચાર્યના આ નિવેદનની નિંદા કરી રહ્યા છે અને કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. ચંદ્રશેખર સિવાય સોશિયલ મીડિયા પર ઘણા અન્ય લોકો રામભદ્રાચાર્યના આ નિવેદનની નિંદા કરી રહ્યા છે અને કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

## તંત્રી લેખ...

# ૨૦ કિલોમીટર ઉંચાઈ પર દુશ્મનને નષ્ટ કરી દેશે આકાશ-NG મિસાઈલ

ડીઆરડીઓએ શુક્રવારે નવી જનરેશનની આકાશ મિસાઈલનું પરીક્ષણ કર્યુ. પરીક્ષણ સવારે ૧૦.૩૦ વાગ્યે ઓડિશા ઈન્ટીગ્રેટિડ ટેસ્ટ રેન્જ ચાંદીપુરમાં કરવામાં આવ્યું. ટેસ્ટિંગ દરમિયાન ટાર્ગેટને સફળતા પૂર્વક નષ્ટ કરવામાં આવ્યો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આકાશ મિસાઈલના સફળ ટેસ્ટિંગ માટે ઙ્ઘઇર્ઙ્ઘ અને ઈન્ડિયન એરફોર્સને શુભેચ્છા પાઠવી. આ મિસાઈલ દુશ્મનો માટે કાળ બનશે અને વાયુસેનાની તાકાતમાં વધારો કરશે.

ખાસ વાત એ છે કે તેના ટેસ્ટિંગમાં સ્વદેશી રીતે તૈયાર કરેલા આરએફ સીકર, લોન્ચર, મલ્ટી ફંક્શન રડાર અને કમાન્ડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્યારે જાણો કે આકાશ- એનજી મિસાઈલ કેટલી પાવરફૂલ છે. જમીનથી હવામાં માર કરવાની આકાશ-એનજી મિસાઈલની રેન્જ ૪૦થી ૮૦ કિલોમીટર સુધીની છે. તેમાં ખાસ રીતે ડુઅલ પલ્સ સોલિડ રોકેટ મોટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેની સ્પીડને વધારે છે. ખાસ વાત એ છે કે તેને મોબાઈલ પ્લેટફોર્મથી લોન્ચ કરી શકાય છે. ૧૯ ફૂટ લાંબી આ મિસાઈલ પોતાની સાથે ૬૦ કિલો વજનના હથિયાર લઈ જઈ શકે છે. ૭૨૦ કિલો વજનવાળી આ મિસાઈલમાં એક્ટિવ ઈલેક્ટ્રોનિકલી સ્કેન્ડ એર મલ્ટી ફંક્શન રડાર લાગ્યુ છે, જે દુશ્મનની મિસાઈલો અને વિમાનને પણ સ્કેન કરી શકે છે. મિસાઈલની સ્પીડ એટલી મારક છે કે દુશ્મનના બચવાની કોઈ તક રહેતી નથી. તે ૩૦૮૭ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી દુશ્મન તરફ આગળ વધતા તેને નિશાનો બનાવે છે. આ મિસાઈલનું જુનુ વેરિએન્ટ ૨૦૦૯થી ભારતીય સેનાનો ભાગ છે.

આ મિસાઈલ સેનાની તાકાત બનશે, કારણ કે તેને મોબિલિટી ટ્રક્સ પર બનાવેલા મોબાઈલ લોન્ચ સિસ્ટમથી ફાયર કરી શકાય છે. સેના પહેલાથી જ આકાશ-એનજીના જૂના વર્ઝનનો ઉપયોગ કરી રહી છે. ગયા વર્ષે ચીન સાથે થયેલા સરહદ વિવાદ દરમિયાન લદ્દાખની ન્છઝમાં તેને તૈનાત કરવામાં આવી હતી. નવી જનરેશનવાળી આકાશ-એનજી મિસાઈલ ચીનને જવાબ આપવામાં સેનાની મદદ કરશે. બોર્ડર પર અવારનવાર ચીન ઘુસણખોરીના પ્રયત્નો કરે છે. નવી મિસાઈલ જમીનથી આકાશ સુધી ડ્રેગનને જવાબ આપશે. તેના જુના વર્ઝન ભારતીય વાયુસેનાએ ગ્વાલિયર, પૂણે, તેજપુર, જોરહાટ અને જલવાઈગુડી બેઝ પર પણ તૈનાત છે. હવે તેનું અપગ્રેડ વર્ઝન વાયુસેનાની તાકાતને વધારવામાં કામ કરશે. આ મિસાઈલમાં દુશ્મનોના હથિયારો અને મિસાઈલોને ઓળખવા માટે સ્કેનિંગ સિસ્ટમ લાગેલી છે. તેની મારક ક્ષમતાથી દુશ્મનનું બચવુ શક્ય નથી. એવી ઘણી ખાસિયતો આકાશ-એનજીને એક પાવરફૂલ મિસાઈલ બનાવે છે. જેની તૈનાતી ભારત-ચીન બોર્ડર પર કરવામાં આવી શકે છે. સફળ લોન્ચિંગ જણાવે છે કે બોર્ડર પર ઘુસવા પર આ મિસાઈલ દુશ્મનને જવાબ આપવા માટે તૈયાર છે.

# મુકેશ અંબાણી સમગ્ર ભારત અને એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ



। મુંબઈ, તા.૧૩ ।

દેશના ટોચના ઉદ્યોગપતિ અને રિલાયન્સ જૂથના વડા મુકેશ અંબાણીની સંપત્તિમાં ફરીથી ઉછાળો આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર ૨.૬ ટકા વધતા મુકેશ અંબાણીની નેટવર્થ પણ વધી છે. હવે તેઓ ૧૦૦ અબજ ડોલરથી વધારે મિલ્કત ધરાવતા લોકોની ક્લબમાં ફરીથી દાખલ થયા છે. અગાઉ પણ એક વખત તેમની નેટવર્થ ૧૦૦ અબજ ડોલરને વટાવી ગઈ હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મુકેશ અંબાણી બે દિવસ અગાઉ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં ભાગ લેવા માટે ગુજરાત આવ્યા હતા.

મુકેશ અંબાણી હવે સમગ્ર ભારત અને એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ છે. રિલાયન્સનો શેર ૨.૬ ટકા વધવાના કારણે ગુરુવારે અંબાણીની સંપત્તિ ૨.૮૦ અબજ ડોલર વધીને ૧૦૧.૮ અબજ ડોલર થઈ હતી. બ્લૂમબર્ગ બિલિયનર્સ ઈન્ડેક્સ મુજબ જૂન ૨૦૨૨ પછી તેઓ પહેલી વખત ૧૦૦ અબજ ડોલરની ક્લબમાં સામેલ થયા છે.

રિલાયન્સ જૂથમાં મુકેશ અંબાણી પાસે ૪૨ ટકા હિસ્સો છે અને તેઓ એનર્જી, ટેલિકોમ, રિટેલ સહિતના બિઝનેસમાં કંપનીઓ ચલાવે છે. ઓક્ટોબર મહિનામાં તેમની કંપનીનો શેર તળિયે પહોંચી ગયો હતો. પરંતુ ત્યાર પછી ત્રિમાસિક નફામાં વધારો થતા રિલાયન્સનો શેર અત્યાર સુધીમાં ૨૨ ટકા વધી ગયો છે. હવે તેઓ વિશ્વમાં ૧૨મા ક્રમે સૌથી ધનિક વ્યક્તિ છે અને ન્ીંટ્ઠિંની માલિકણ ફ્રાંકોઈસ બેટનકોર્ટ મેયર્સ કરતા પણ આગળ નીકળી ગયા છે.

મુકેશ અંબાણીના રિલાયન્સ જૂથે ઓઈલ રિફાઈનિંગ અને સુપરમાર્કેટના બિઝનેસમાંથી જંગી કમાણી કરી છે. વિશ્વની બીજા અબજોપતિઓ કરતા અંબાણી અલગ તરી આવે છે કારણ કે બાકીના લોકો મોટા ભાગે ટેક્નોલોજી સેક્ટરમાં કામ કરીને આગળ આવ્યા છે. અદાણીની જેમ જ ભારતના બીજા એક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પણ દુનિયાના સૌથી અમીર લોકોમાં સ્થાન પામે છે. પરંતુ અદાણીની સંપત્તિમાં રોલર કોસ્ટરની જેમ મોટા ઉતારચઢાવ આવે છે. ગયા વર્ષે હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટમાં અદાણી વિરુદ્ધ ગંભીર આરોપો કરવામાં આવ્યા બાદ તેમના શેરમાં મોટો કડાકો આવ્યો હતો. ત્યાર પછી તેમણે ઘણી રિકવરી કરી છે, પરંતુ અદાણી કરતા અંબાણી બે સ્થાન આગળ ચાલે છે.

૬૬ વર્ષના મુકેશ અંબાણીની આગેવાનીમાં રિલાયન્સ એ માર્કેટ વેલ્યૂની દૃષ્ટિએ ભારતની સૌથી મોટી કંપની છે. તાજેતરમાં તે ફ્યુઅલની સાથે સાથે ટેક્નોલોજી અને રિન્યુએબલ એનર્જીમાં પણ ડાઈવર્સિફિકેશન કરી રહી છે.

ગયા વર્ષે રિલાયન્સના ફાઈનાન્શિયલ સર્વિસ યુનિટ જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસનું લિસ્ટિંગ થયું હતું જેના કારણે અંબાણીની સંપત્તિમાં મોટો ઉછાળો આવ્યો હતો.

ઓગસ્ટ ૨૦૨૩ મહિનામાં જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસના લિસ્ટિંગ બાદ તે શેર માત્ર એક ટકા વધ્યો છે. છતાં તે માર્કેટ વેલ્યૂની દૃષ્ટિએ ભારતની ત્રીજા ક્રમની સૌથી મોટી ફાઈનાન્સ સર્વિસ કંપની છે. રિલાયન્સ હવે ઊઝરટ્ઠંની ભારતી આવૃત્તિ પણ તૈયાર કરવા પ્રયત્નશીલ છે.

### સદગુરુ કૃપા હી કેવલમ । શીર્ષક માનસ મસાન

# ધન રાશિમાંથી સૂર્ય મકર રાશિમાં સંક્રાંતિ કરતો હોય ને, તેને મકરસંક્રાંતિ કહેવાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માગશર રૂપી કૃષ્ણનું અસ્તિત્વ પૂર્ણ થઈ ગયું, અને પોષ પ્રાંગણમાં પધારી ચૂક્યો છે. કૃષ્ણ હવે કોઈ અન્ય સ્વરૂપે વાતાવરણમાં પ્રસરી રહ્યો હશે. ચંદ્રએ અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરતા પહેલું ડગલું માંડ્યું છે, અને સૂર્ય પણ ઉત્તરાયણ તરફ આગળ ધપી રહ્યો છે. સમયની ગતિ નિયત રીતે પ્રાકૃતિક તત્વો નિભાવી રહ્યા છે, અને આજે આપણે પણ અન્ય વાતમાં નાં જતા વર્તમાન તરફ આગળ વધીએ. આજે તા ૧૪/૧/૨૦૨૧ ને રવિવાર છે, હિન્દુ પંચાંગ મુજબ આજે પોષ સુદ ત્રીજ છે. આપણે ત્યાં એકધારી જીંદગીમાંથી બહાર આવી શકીએ, એ માટે તહેવારોની ઉજવણી પણ કરવામાં આવે છે, અને આજે મકરસંક્રાંતિનો તહેવાર હોવાથી આપણે એ વિશે ચિંતન કરીશું.

૧૪ જાન્યુઆરીને આપણે ત્યાં મકરસંક્રાંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે, ઘણાં લોકોને ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ વચ્ચેના ભેદની ખબર ન હોવાથી આજે ઉત્તરાયણ છે, એમ પણ કહેતા હોય છે. આ તહેવાર ખગોળ શાસ્ત્રની ઘટનાને આધારિત હોવાથી, આપણા પૂર્વજો એ વિશે પણ કેટલું જ્ઞાન ધરાવતા એ અહીં દેખાય છે. ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ આ તહેવારનું મહત્વ જોઈએ તો સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય, એને સંક્રાંતિ કહેવામાં આવે છે, અને આ રીતે સૂર્ય આખા વર્ષ દરમિયાન બાર વાર સંક્રાંતિ કરે છે. પરંતુ ધન રાશિમાંથી સૂર્ય મકર રાશિમાં આ સમયગાળા દરમિયાન સંક્રાંતિ કરતો હોય ને, તેને મકરસંક્રાંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ખગોળની દ્રષ્ટિએ એક શુભ કદમ છે. જ્યારે ઉત્તરાયણ એટલે સૂર્યનું થોડુંક ઉત્તર તરફ ખસવું એને ઉતરાયણ કહેવામાં આવે છે, અને રોજ મધ્યાને જ્યારે સૂર્ય માથાપર આવે ત્યારે આ સમયગાળામાં ત્યાંથી એ સહેજ ઉત્તર તરફ ખસે છે, અને ૨૧ ડિસેમ્બર કે ૨૨ ડિસેમ્બર આસપાસથી સૂર્ય ઉતર યાનમાં પ્રવેશે છે, એટલે કે તેની એ તરફ ગતિ શરૂ થાય છે, આપણે ત્યાં કમુરતાની પણ એક પ્રથા છે, જેમાં આપણે ત્યાં શુભ કાર્ય એ પછી થતાં નથી.એટલે આજે ધનારક કે કમુરતા પુરા થયા, અને ઘણા તેને ટાઢું પુરાણ પણ કહે છે, એટલે કે હવે શુભ કાર્ય શરું થઈ શકે.

મકરસંક્રાંતિ એ સૂર્યની એક રાશિમાંથી બીજી રાશિ તરફ સંક્રાંતિ થાય છે, તેને અનુલક્ષીને ઉજવાતો તહેવાર છે. એટલે કે આ તહેવારમાં સૂર્યનું મહત્વ ખુબ જ છે, વર્ષમાં છ માસ સૂર્ય દક્ષિણ યાનમાં, અને છ માસ ઉત્તર યાનમાં રહે છે, ઉત્તર યાનમાં એટલે ત્યારે પૃથ્વી છ માસ માટે પ્રકાશમાં રહે છે, અને દક્ષિણ યાનમાં એટલે છ માસ અંધકારમાં રહે છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાના મુખે ગીતામાં કહ્યું છે, કે પૃથ્વી જ્યારે પ્રકાશમાં હોય ત્યારે જે કોઈનું મૃત્યુ થાય તેનો પુનર્જન્મ થતો નથી, અને દક્ષિણ યાનમાં કે અંધકારમાં હોય ત્યારે જો કોઈનું મૃત્યુ થાય તો એ જન્મ-મૃત્યુના બંધનમાં ફરી ફસાય છે.આ ઉપરાંત હિન્દુ ધર્મમાં સૂર્યને સાક્ષાત દેવ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, તેથી પણ આજના દિવસનું ખૂબ જ મહત્વ છે. ગાયત્રી મંત્રના આજે અનુષ્ઠાન કરવાથી પણ ઘણા ફાયદા બતાવાયા છે.ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, આ ગીતાનો ઉપદેશ આ પહેલાં પણ મેં ગાયો છે, અને સૌથી પહેલી વાર રવિ એટલે કે સૂર્યને સંભળાવ્યો હતો. આ ઉપરાંતમાં સરસ્વતીની સાધનાનો પણ આજે દિવસ છે. આજે શાસ્ત્રોકત રીતે દાન ધર્મ અને પૂજા વિધિના અનેક અનુષ્ઠાનો બતાવવામાં આવ્યા છે. તેમાં પણ ગાયના શરીર માં ૩૩ કોટી દેવતાનો વાસ બતાવાયો હોવાથી, ગાયને ઘઉં તથા બાજરીની ઘૂઘરી ખવડાવવામાં આવે છે, અને બ્રાહ્મણ તથા બેન દીકરીઓને યથાશક્તિ દાન કરવામાં આવે છે. ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો હોવાથી છડેલા ધાનનો ખીચડો કરવાનું,તેમજ તેનું દાનનું પણ ખૂબ જ મહત્વ છે.આ ઉપરાંત આજના દિવસે સ્નાનનો પણ ખૂબ મહિમા છે, ઘણા લોકો તીર્થ સ્થાનોમાં સ્નાન પણ કરે છે, અને ઘણા ઘરમાં તલ અને ગંગાજળ મિક્સ કરીને સ્નાન કરે છે લોકોમાં ધાર્મિક શ્રદ્ધા વધે એ હેતુથી આવા વિધાન શાસ્ત્રમાં બતાવેલ હોય છે, પરંતુ ઘણીવાર આમાંથી જ અંધશ્રદ્ધા વધતી જોવા મળે છે. દાખલા તરીકે ગાયને ઘૂઘરી કે ઘાસ ખવડાવવાનું મહત્વ છે, એમ સમજી સમાજનો દરેક વ્યકતિ જો ગાયને આ રીતે ખવડાવે તો ગાયની શું હાલત થાય!! અને થતી પણ જોવા મળે છે. દાન કરવા માટે વૈશ્નવને કોઈ જ દિવસ, તિથી, કે મુહુર્તની જરૂર પડતી નથી. પરંતુ આ રીતે પણ દાન થતું રહે એ પણ બહુ જ જરૂરી છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો સૂર્ય માંથી આપણને વિટામીન ‘‘ડી’’ પ્રાપ્ત થતું હોય છે અને આજથી હવે પૃથ્વી સૂર્ય પ્રકાશ તરફ આવી હોવાથી, સૌ આ વિટામીન ‘‘ડી’’નો લાભ મેળવે એ બહુ જરૂરી છે. ખોરાકના કોઈને કોઈ ઘટક માંથી અન્ય વિટામિનો પ્રાપ્ત થાય છે, પણ આ એક એવું વિટામિન છે, જે આપણે નિશુલ્ક મેળવી શકીએ છીએ, અને આજે તો લોકોના જીવન એસીમાં બંધ થયા હોવાથી, તેની ઉણપને કારણે પણ ઘણા રોગ થાય છે, એ સિદ્ધ થયું છે, અને તેના ઈન્જેક્શનો અને ગોળી લઈ તેની પૂર્તિ કરવી પડે છે.

ગુજરાતમાં મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી પતંગ ઉડાડીને કરવામાં આવે છે. નાના-મોટા સૌનો પ્રિય તહેવાર છે, અગાસીમાં વિવિધ રંગો અને ડિઝાઈનના કાગળમાંથી બનાવેલા પતંગો, માંજો પાયેલી દોરીથી ઉડાવવામાં આવે છે, અને એ રીતે આખો દિવસ સૂર્યની હાજરીમાં લોકો વિતાવે છે. પતંગમાં પણ ઘણી વેરાયટી જોવા મળે છે,જેમ કે પટ્ટો, ચાંદ રાજ,ફુદડી વાળો,ચુમકી વાળો, પુંછડીયો, અટ્ટો, સ્ટાર, પ્લેન વગેરે. આજે સૌની અગાસીમાં આખો દિવસ ખૂબ જ ચહલપહલ રહેશે, અને પતંગ કાપ્યો છે... કે આવ્યો છે... એવી બૂમાબૂમ થશે, હવે તો લોકો ગીત સંગીતની ધૂન પણ અગાસીમાં વગાડતા હોય છે. આ વખતે તો બધા ગોતી લ્યો! ગોતી લ્યો, ખલાસી સોંગ ,મેં તો ચલે આ તેરી ઔર! ઓ માહી ઓ માહી, લે કે પ્રભુકા નામ..... ટૂંકમાં હળીમળીને પૂર્ણ મજા મસ્તીમાં આખો દિવસ ઉજવાય છે. જમવામાં પણ ઉંધિયુ પૂરી,ને જલેબી કે અન્ય મીઠાઈ બંને છે, સાત ધાનનો ખીચડો ઘઉ નો ખીચડો દૂધિયો બાજરો વગેરે, તેમજ શીંગપાક, દાળિયા પાક,તલપાક, મમરાના લાડુ,વગેરે ચીકી પણ ખાવામાં આવે તમ છે,બોર જામફળ,ને શેરડી જેવા ફળની રંગત પણ થાય છે. રાત્રે પણ આકાશમાં ગબ્બારા કે ટુક્કલ ચડાવી અને લોકો આનંદ પ્રાપ્ત કરતા હોય છે. પરંતુ પક્ષીઓનું ધ્યાન રાખી આ દિવસની ઉજવણી કરવી, એટલે પતંગ કાપવાની બહુ વૃત્તિ રાખવી નહીં, અને દોરીનો માંજો પાવામાં કાચનો ઉપયોગ ઓછો કરવો. ચાઈનીઝ દોરીનો ઉપયોગ ઘટાડી અને પક્ષીના જીવ બચાવીએ, એ પણ એટલું જ જરૂરી છે. આપણી મજા કોઈ ની સજા ન બને એનો પણ આપણે ખાસ ખ્યાલ રાખવો.

ગુજરાતમાં મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી પતંગ ઉડાડીને કરવામાં આવે છે. નાના-મોટા સૌનો પ્રિય તહેવાર છે, અગાસીમાં વિવિધ રંગો અને ડિઝાઈનના કાગળમાંથી બનાવેલા પતંગો, માંજો પાયેલી દોરીથી ઉડાવવામાં આવે છે, અને એ રીતે આખો દિવસ સૂર્યની હાજરીમાં લોકો વિતાવે છે. પતંગમાં પણ ઘણી વેરાયટી જોવા મળે છે,જેમ કે પટ્ટો, ચાંદ રાજ,ફુદડી વાળો,ચુમકી વાળો, પુંછડીયો, અટ્ટો, સ્ટાર, પ્લેન વગેરે. આજે સૌની અગાસીમાં આખો દિવસ ખૂબ જ ચહલપહલ રહેશે, અને પતંગ કાપ્યો છે... કે આવ્યો છે... એવી બૂમાબૂમ થશે, હવે તો લોકો ગીત સંગીતની ધૂન પણ અગાસીમાં વગાડતા હોય છે. આ વખતે તો બધા ગોતી લ્યો! ગોતી લ્યો, ખલાસી સોંગ ,મેં તો ચલે આ તેરી ઔર! ઓ માહી ઓ માહી, લે કે પ્રભુકા નામ..... ટૂંકમાં હળીમળીને પૂર્ણ મજા મસ્તીમાં આખો દિવસ ઉજવાય છે. જમવામાં પણ ઉંધિયુ પૂરી,ને જલેબી કે અન્ય મીઠાઈ બંને છે, સાત ધાનનો ખીચડો ઘઉ નો ખીચડો દૂધિયો બાજરો વગેરે, તેમજ શીંગપાક, દાળિયા પાક,તલપાક, મમરાના લાડુ,વગેરે ચીકી પણ ખાવામાં આવે તમ છે,બોર જામફળ,ને શેરડી જેવા ફળની રંગત પણ થાય છે. રાત્રે પણ આકાશમાં ગબ્બારા કે ટુક્કલ ચડાવી અને લોકો આનંદ પ્રાપ્ત કરતા હોય છે. પરંતુ પક્ષીઓનું ધ્યાન રાખી આ દિવસની ઉજવણી કરવી, એટલે પતંગ કાપવાની બહુ વૃત્તિ રાખવી નહીં, અને દોરીનો માંજો પાવામાં કાચનો ઉપયોગ ઓછો કરવો. ચાઈનીઝ દોરીનો ઉપયોગ ઘટાડી અને પક્ષીના જીવ બચાવીએ, એ પણ એટલું જ જરૂરી છે. આપણી મજા કોઈ ની સજા ન બને એનો પણ આપણે ખાસ ખ્યાલ રાખવો. તો આપણે સૌ આપણી સંસ્કૃતિની ગાથા ગાતા આવા તહેવારને મનભરીને ઉજવણી કરીએ દરેક પાસેથી તેનો મહત્વ સમજીએ પ્રમાણે આજનો દિવસ ઉત્સાહથી જીવીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર

# આજે ઉત્તરાયણ પતંગોત્સવ મકરસંક્રાંતિના પાવનને ઉત્સાહ ભેર ઉજવીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

બાણ શય્યા ઉપર ૪૯ દિવસ સુધી સૂતેલા ગંગા પુત્ર ભીષ્મ પિતામહે મકરસંક્રાંતિના ઈચ્છા મૃત્યુ-પ્રાણ ત્યાગ કર્યો

ચૌદમી જાન્યુઆરી રવિવારના દિવસને આપણે ઉત્તરાયણ પતંગોત્સવ મકરસંક્રાંતિના પાવન તહેવાર તરીકે આજે ઉજવીશું. આ દિવસે જ મહાભારતના એક ખમતીધર પાત્ર આજે પણ દરેક સમાજ પરિવારમાં કોઈને કોઈ સ્વરૂપે છે તેવા ભીષ્મ પિતામહે પ્રાણત્યાગ કર્યા હતા. મહાભારત ના યુદ્ધ વખતે અર્જુનના બાણથી ઘવાયેલા ભિષ્મએ તત્કાળ પ્રાણ ત્યાગ કરવાને બદલે ઉત્તરાયણ સુધી બાણશૈયા પર શરીરને ટકાવી રાખ્યું હતું. આપણને આ વાર્તા જેવું લાગે પણ વેદવ્યાસજી આ પ્રસંગ દ્વારા બહુ મોટો સંદેશો આપે છે. ભીષ્મના શરીર પરનું એક એક બાણ કૌરવોના એક એક દુષ્કૃત્યનું પ્રતીક છે. કૌરવો એ કરેલી ભૂલોને ભીષ્મએ બાણ રૂપે પોતાના પર લઈ લીધી જેથી કૌરવોને તકલીફ ના પડે. જ્યાં સુધી દાદાએ બાણ ઝીલ્યા ત્યાં સુધી કૌરવો ટકી શકયા પછી ખતમ થઈ ગયા. આપણા દરેકના પરિવારમાં પણ એક ભીષ્મ હોય છે જે આપણી ભૂલોના બાણ પોતાના પર લઈ લે છે અને એટલે આપણે સૌ ટકી શકીએ છીએ. જે પરિવાર ટકી શક્યો હોયતે પરિવાર માં કોઈને કોઈ સ્વરૂપે ભીષ્મ હાજર હોય જ છે. એ દાદા, દાદી, પપ્પા, મમ્મી, ભાઈ, બહેન, પતિ, પત્ની, દીકરો કે દીકરી કોઈપણ સ્વરૂપે હોય પણ એમના અસ્તિત્વ થી જ પરિવાર ટકી રહેતો હોય. પરિવાર ના બાકીના સભ્યોને એમ હોય કે આપણા કુટુંબમાં કોઈ મુશ્કેલી જ નથી આપણે સુખી છીએ જયારે વાસ્તવિક્તા એ હોય કે આવા ભીષ્મ મુશ્કેલીઓનું પોટલું પોતાના માથે ઉપાડી લેતા હોય એટલે આપણને મુશ્કેલી અનુભવાતી જ ના હોય. ભીષ્મ તો આજે ઉતારાયણે જતા રહ્યા પણ આપણે આપણા ભિષ્મને ઓળખીને સાચવી લેવા નહીંતર કૌરવોની જેમ આપણું અસ્તિત્વ પણું ખતમ થઈ જશે. થોડી વાર આંખો બંધ કરીને વિચારો તમારી સમસ્યાઓને તમારા સુધીના પહોંચવા દેનાર એ કોણ છે? વિચારો કે તમારી ભૂલોને પોતાના માથે ઓઢી લેનાર એ કોણ છે વિચારો કે એવુ કોણ છે જેના કારણે તમને સુરક્ષાનો અનુભવ થાય છે? એવું કોણ છે જેની ગેરહાજરી આખા પરિવારને પારાવાર મુશ્કેલીમાં મૂકી દે? એવું કોણ છે જેનો સાથે તમને સદાય હલવા ફૂલ રાખે છે?બસ આ જ તમારા ભિષ્મ છે. આજના મકર સંક્રાંતિના પાવન પર્વએ આ ભીષ્મ ને ઓળખીને એનું જતન કરીએ જાળવીએ,સાચવીએ કારણ કે એ છેતો આપણે છીએ.મહાભારતના મુખ્ય પાત્રોમાના એક ભિષ્મ અથવા દેવવ્રત મહારાજ શાંતનુ ગંગાના પુત્ર હતા.મહાપ્રતાપિ, મહાવીર અને મહાન વ્રતધારી ભીષ્મએ રાજ નીતિ દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે થી, વેદ-વેદાંગની શિક્ષા ઋષિ વસિષ્ઠ પાસેથી અને યુદ્ધવિદ્યા પરશુરામ મુનિ પાસેથી મેળવી હતી. આમ તેઓ અનેક વિદ્યા ઓમાં પારંગત હતા. મહાભારત ના યુદ્ધમાં તેમની ધ્વજનું ચિન્હ સુવર્ણ શ્રીફળ વૃક્ષ હતું. કૌરવો તથા પાંડવો માં તેઓ ભીષ્મ પિતામહાના નામથી ઓળખાતા હતા.વસિષ્ઠ ઋષિનો શાપ અને જન્મ એકવાર આઠ વસુઓ પોતાની પુત્રીઓની સાથે વસિષ્ઠ ઋષિના આશ્રમમાં આવ્યા પરશુરામે ભીષ્મને તેમની પાસે બોલાવ્યા પરંતુ ભીષ્મ ગયા નહીં. આથી પરશુરામજીએ ભીષ્મને યુદ્ધ માટે લલકાર્યો પરંતુ, પરશુ રામજી ભીષ્મના ગુરુ હોવાથી ભીષ્મએ યુદ્ધ મર્યાદાની વિરુદ્ધ જાણ્યું. પરંતુ, પરશુરામજીને જયારે ભીષ્મએ રથ વગરના જોયા તો તેમણે પોતાના ગુરુને વિનંતી કરી કે તેઓ રથ પર આરુઢ થઈ અને કવચ ધારણ કરે. પરશુરામજી મલયા અને ભીષ્મને દિવ્ય ચક્ષુ આપ્યા અને ફરી જોવા કહ્યું. ભીષ્મએ જયારે ફરી જોયું તો પરશુરામજી પૃથ્વીરુપિ રથ પર સવાર હતા જેના ચાર વેદરુપિ થોડા હતા, ઉપનિષદો લગામ હતી અને વાયુ સારથિ તથા દેવીઓ તેમનું અભેદ કવચ હતા. ભીષ્મ રથ પરથી ઉતરીને પરશુરામજી પાસેથી યુદ્ધ માટેની આજ્ઞા માંગી. પરશુરામજી ભીષ્મના આ વિવેક થી ખુબ પ્રસન્ન થયા અને તેમને ભીષ્મને પોતાના ધર્મ તથા બ્રહમ ચર્યની રક્ષાના આશીર્વાદ આપ્યા અને તેમણે કહ્યુંકે તેઓ પોતાનો અંબા પ્રતિ શરણાગત ધર્મ બજાવશે. આમ તેમણે આજ્ઞા આપી ત્યાર બાદ ખુબ ભયાનક સંગ્રામ ૨૩ દિવસ સુધી ખેલાણો, બન્ને યોદ્ધા પરમ પ્રતાપી હોવા ઉપરાંત, પરશુરામ ચિરંજીવી તથા ભીષ્મને ઈચ્છા મૃત્યુનું વરદાન હોવાથી હાર-જીતનો ફેસલો ન થઈ શક્યો. ૨૨મા દિવસે ભીષ્મ એ કંટાળીને પોતાના પૂર્વજોને પ્રસન્ન કર્યા. પૂર્વજોએ ભિષ્મને એવું અસ્ત્ર આપ્યું કે જેની જાણ પરશુરામજીને ન હતી. વેદના નિયમ મુજબ જો યોદ્ધા યુદ્ધ દરમિયાન નિંદ્રાને વશ થાય તો તે મૃત ગણાય. યુદ્ધ દરમિયાન જ્યારે ભીષ્મએ આ આ અસ્ત્રનું અનુસંધાન કર્યું તો તેમની વિજય નિશ્ચિત થઈ ગઈ. પરંતુ ભીષ્મએ તેનો પ્રયોગ મર્યાદાની વિરુદ્ધ જાણ્યો અને પોતે સ્વયં મેદાન પરથી હટી ગયો.



અંતે પરશુરામજીએ અંબાને કહ્યું કે ભીષ્મને જીતવા શક્ય નથી પરંતુ તેમણે અંબાને શિવજીને પ્રસન્ન કરવા કહ્યું. આમ,અંબા નિરાશ થઈ, આવતા જન્મમાં ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા સાથે વનમાં તપ કરવા ચાલી ગઈ. તેનો પુનર્જન્મ દ્રુપદ રાજાને ત્યાં શિખંડી તરીકે થયો જે ભીષ્મના મૃત્યુનું કારણ બન્યો.ભીષ્મએ તેને આશી ર્વાદ આપ્યા.યુદ્ધના અંતે જયાં સુધી તેમણે ન જાણ્યું કે પાંડવોનો વિજય થયો છે, ત્યાં સુધી તેમણે પોતાના પ્રાણ ટકાવી રાખ્યા.જ્યારે અંત ઘડી નજીક આવી ત્યારે તેમણે યુધિષ્ઠિરને ભગવાન કૃષ્ણ નાં માનમાં વિષ્ણુ સહસ્ત્રનામ સંભળાવ્યાં અને ૧૦૦૦ વર્ષનું દીર્ઘ સુદીર્ઘ આયુષ્ય ભોગવી સ્વર્ગ સિધાવ્યા. ભીષ્મ જયારે મૃત્યુ શય્યા પર હતા તે વખતે તેમણે યુધિષ્ઠિરને જે ઉપદેશ આપ્યો તે ભીષ્મ ગીતા તરીકે પ્રખ્યાત છે. વાચક ચાહક મિત્રો,આજે મકર સંક્રાંતિ ઉત્તરાયણ પતંગોત્સવનું આકાશી પર્વ આજે રાજયમાં નશાબંધી હોવા છતાં દેશી પરપ્રાંતીય દારૂ ખુલ્લે આમ વેચાય પીવાય છે તેમ કેટલાક વર્ષોથી રાજયમાં ચાઈનીઝ દોરી તુક્કલ સરેઆમ વેચાય છે છતાં રાજ્ય સરકાર કે તેનું તંત્ર કંઈજ કરી શકતું નથી.લોકો અબોલ જીવો આ દોરીથી ઘાયલ થાય કે જીવ ગુમાવે છે છતાં કોઈ જ અસર નથી..વાત બધા સમજે છે પણ બોલે કોણ ? આપણે સૌ તહેવારનો આનંદ માણીએ વિવેક થી તેવી આશા સહ અસ્તુ. યશપાલસિંહ ટી. વાઘેલા દરબાર ગઢ થરા

# શિયાળામાં સાંધાના દુખાવામાંથી એક પણ રૂપિયો ખર્ચા વગર મેળવી શકો છો દુખાવામાં રાહત



શિયાળાની શરૂઆત થતા જ ઘણા લોકોમાં સાંધાના દુખાવાની ફરીયાદો ઉઠવા લાગે છે. શિયાળાના હવામાનને કારણે સાંધામાં દુખાવો થવાના ઘણા કારણો છે. ઠંડી ઋતુ કુદરતી રીતે સ્નાયુઓમાં તણાવ ઊભો કરે છે. આ તણાવ સાંધામાં ઓછી મોબિલિટી અને ફ્લેક્સિબિલીટી તરફ દોરી શકે છે. કેટલાક અભ્યાસો સાંધામાં થતા ફેરફારોને બેરોમેટ્રિક પ્રેશર, સૂકી હવા અને શિયાળાને લગતી અન્ય સમસ્યાઓમાં થતા ફેરફારો સાથે પણ સાંકળે છે. જો તમે પણ શિયાળાની કડકડતી ઠંડીના લીધે થતા દુખાવાથી પરેશાન છો તો અહીં અમે તમને ૮ ટીપ્સ જણાવી રહ્યા છીએ. જે તમને આ સમસ્યામાંથી થોડી રાહત આપશે. શિયાળાની ઋતુ આપણને સુસ્તી અને આળસનો અનુભવ કરાવે છે. પરંતુ ઠંડીમાં પણ તમારે તમારા શરીરને એક્ટિવ રાખવું જોઈએ. જો શક્ય હોય તો જીમ પણ જોઈન કરી શકો છો. તમારા શરીરને એક્ટિવ અને તંદુરસ્ત રાખવા માટે લો ઈમ્પેક્ટ એક્ટિવિટી, ગરમ પૂલમાં ઈન્ડોર સ્વિમિંગ, યોગ અથવા પિલાટેસ સાથે સ્ટ્રેચિંગ, ફાસ્ટ વોકિંગ અને વેઈટ ટ્રેનિંગ કરી શકો છો. શિયાળામાં તમારું વજન વધે નહીં તેનું ધ્યાન રાખો. હેલ્થી રૂટિન અને એક્સરસાઈઝ દ્વારા તમારા વેઈટને મેનેજ કરવાનો આગ્રહ રાખો. કારણે થોડું વધારે વજન પણ તમારા ઘૂંટણ અને અન્ય સાંધાઓને અસર કરે છે. વજનને મેનેજ રાખવા માટેની સૌથી સરળ ટ્રિક છે આ નિયમ- "તમે કેટલી કેલેરીઝ અંદર લો છો અને કેટલી કેલેરી બર્ન કરો છો." શક્ય હોય તો ૫૦૦ કેલેરીને તમારા ડાયટમાં ઘટાડી અને હેલ્થી ડાયટ ફોલો કરો. જ્યારે પણ તમે બહાર જાઓ ત્યારે ગરમ કપડા વડે તમારા સંપૂર્ણ શરીરને યોગ્ય રીતે કવર કરી લો. આંગળીઓ ઠંડી રહેવાથી તમને દુખાવો થઈ શકે છે. હંમેશા તમારા બેગ કે કારમાં ગ્લોવ્સની એક જોડી રાખો. જ્યારે તમે ઘરમાં હોય ત્યારે પોતાને ગરમ અને આરામદાયક વાતવરણમાં રાખો. ઘણા લોકો હીટિંગ પેડ અથવા ગરમ પાણીનો ઉપયોગ કરીને સાંધાના દુખાવાને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

# ઠંડીમાં ચહેરો લાલ થઇ જાય છે? સોજો આવે છે? તો ફટાફટ આ ૨ કામ કરો

ઠંડીમાં ત્વચા લાલ થઈ જાય છે ક્યારેક સોજો પણ આવી જાય છે. ઠંડીમાં સ્કિન ખરાબ થવાનું એક કારણ બ્લડ સર્ક્યુલેશન પણ હોઈ શકે છે. આમ, સ્કિન ડેમેજ થઈ જાય છે. ઘણાં લોકોને ઠંડીમાં ચહેરો લાલ થઈ જાય છે અને સોજા પણ આવી જાય છે. આમ, તમને પણ આ સમસ્યા છે તો આ ટિપ્સ તમારા માટે બહુ કામની છે. આ ટિપ્સથી તમે રેગ્યુલર ફોલો કરશો તો સ્કિન લાલ નહીં થાય અને સોજા પણ નહીં આવે. આ ટિપ્સ માત્ર ૨ જ છે તમારે પરફેક્ટ રીતે ફોલો કરવાની રહેશે. ઠંડીમાં તમારો ચહેરો લાલ થઈ જાય છે અને ચહેરા પર સોજા આવી જાય છે તો હુંફાળા પાણીથી ચહેરો ધોવાની આદત પાડો. આમ કરવાથી રેડનેસ ઓછી થઈ જશે અને થોડા દિવસમાં ચહેરા પર આની અસર દેખાશે. આમ, સોજો પણ ઓછો કરવામાં મદદ કરે છે. આ માટે સામાન્ય હળવુ પાણી ગરમ કરી લો અને આમાં થોડુ ઠંડુ પાણી મિક્સ કરો. પાણી નોર્મલ હુંફાળુ હોય તો આનાથી ફેસ ધોઈ લો. આ પ્રકારે તમે ચહેરાની રેડનેસ



અને સોજા આવતા સોજા કરી શકો છો. એક વાતનું ખાસ ધ્યાન એ રાખો કે પાણી વધારે ગરમ લેવાનું નથી. વધારે ગરમ પાણી સ્કિનને નુકસાન કરે છે.

ઠંડીમાં ચહેરા રેડનેસ અને સોજા દૂર કરવા માટે એલોવેરા જેલ લગાવો. આ રેડનેસ પર સૌથી વધારે કામ કરે છે અને ત્વચાને અંદરથી શાંત કરે છે. બીજુ એ છે કે એલોવેરા જેલમાં એન્ટી ઈન્ફ્લેમેન્ટરી ગુણ હોય છે જે ફેસ પર આવતા સોજાને ઓછા કરી શકે છે અને ચહેરા મસ્ત બનાવે છે.

આ બન્ને ઉપાયો તમે ચહેરા પર કરો છો તો આપોઆપ રેડનેસ અને સોજા ઓછા થઈ જશે. એલોવેરામાં એન્ટી-ઈન્ફ્લેમેન્ટરી પ્રોપર્ટી મોજૂદ હોય છે. સાથે સાથે તે ડેડ સ્કિન હટાવવામાં પણ મદદ કરે છે. એલોવેરાના બહારના ભાગને છીણીને જેલ કાઢી લો. ડાઘવાળા એરિયા પર સર્ક્યુલર મોશનમાં મસાજ કરો.

૩૦ મિનિટ બાદ તેને ધોઇ લો, તેને ક્યારેય ખુલ્લા ઘા પર ના લગાવો. ચહેરા અથવા બોડી પરના ડાઘ-ધબ્બા ઘણીવાર શરમનું કારણ બને છે. બળતરા, કાપ, વાગ્યાના નિશાન, અકસ્માત અથવા કોઈ બિમારીના કારણે થયેલા ડાઘ સિવાય કેટલાંક લોકોના શરીર પર બાળપણથી જ કેટલાંક રહી જાય છે. તમે ગમે તેટલી મોંઘી ક્રીમનો ઉપયોગ કેમ ના કરી લો, પરંતુ જે અસર ઘરેલુ નુસખામાં હોય છે, તે કોઈ ક્રીમમાં નથી હોતી. સૌથી મોટી વાત એ છે કે, આ ઘરેલુ નુસખામાં કોઈ સાઈડ ઈફેક્ટનો ડર નથી રહેતો. ના તો વધારે પૈસા ખર્ચ થાય છે.

# ૨૧ દિવસમાં કોઈ પણ ખરાબ આદત સુધારો



દરેક ઘરના રસોડામાં અજમા ચોક્કસપણે હોય છે. શાકભાજીની સાથે પરાઠામાં અજમાનો ઉપયોગ થાય છે. અજમા ભોજનને સ્વાદિષ્ટ તો બનાવે જ છે, પરંતુ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ તે બેજોડ છે. અજમાને શરીરમાં થતી અનેક બીમારીઓથી રાહત અપાવવા માટે ખૂબ જ અસરકારક અને ચોક્કસ અગ્નિ માનવામાં આવે છે. અજમામાં પ્રોટીન, ફાઈબર, કેલ્શિયમ, આયર્ન ઉપરાંત આવા ઘણા પોષક તત્વો હોય છે. અજમાને પેટની સમસ્યાઓ માટે રામબાણ માનવામાં આવે છે. આ ઉપરાંત, નિયમિત ઉપયોગથી જીવનભર હિપેટાઈટિસ એટલે કે કમળાની ફરિયાદ રહેશે નહીં. જો તમે દારૂ અને સિગારેટના વ્યસનથી પરેશાન છો, તો તમે તેનો ઉપયોગ પણ કરી શકો છો. અજમાનો ઉપયોગ દરેક ઘરના રસોડામાં થાય છે. આપણે રોજ અજમાનું સેવન કરીએ છીએ, પરંતુ જો આપણે તેનો યોગ્ય રીતે અને યોગ્ય માત્રામાં ઉપયોગ કેવી રીતે કરવો તે જાણીએ તો આપણે જીવનભર હિપેટાઈટીસ એટલે કે કમળો જેવી લીવરની સમસ્યાઓથી પોતાને દૂર રાખી શકીએ છીએ. શિયાળામાં દરેક ત્રીજી વ્યક્તિ પાચન સંબંધી સમસ્યાઓથી પીડાય છે. આપણે આનાથી પણ છુટકારો મેળવી શકીએ છીએ. અજમા એક એવી દવા છે જે લીવર માટે વરદાન છે. જો તમને પણ પેટ સંબંધિત સમસ્યાઓ જેવી કે ગેસ, એસિડિટી, ખાટી ઓડકાર હોય તો તમે કોઈપણ સંકોચ વગર અજમાનો ઉપયોગ કરી શકો છો. અજમા ફ્રાય કરો અને તેને દરરોજ રાત્રે ચાવો, ખાઓ અને પછી નવશેકું પાણી પીવો. તેનાથી તમને થોડા જ દિવસોમાં રાહત મળશે. કબજિયાતની સમસ્યાને દૂર કરવા માટે પણ અજમાનો ઉપયોગ કરવામાં આવે છે. રાત્રે એક ગ્લાસ ગરમ પાણી સાથે અજમા ખાવાથી કબજિયાતમાં રાહત મળે છે. જો કોઈ વ્યક્તિ ધૂમ્રપાન અને દારૂની લતથી પરેશાન છે અને તેને છોડવા માંગે છે તો અજમા સંબંધિત આ બે ઉપાય અપનાવો. સિગારેટનું વ્યસન છોડવા માટે અજમાને કપાસની વચ્ચે રાખો અને તેને બાળી લો અને તેનો ધુમાડો શ્વાસમાં લો, તમે આ વ્યસનમાંથી છૂટકારો મેળવી શકો છો. જો તમને આલ્કોહોલ પીવાનું મન થાય છે, તો તમારા મોંમાં એક ચમચી અજમા મૂકો અને તેને ચૂસતા રહો, જ્યાં સુધી દારૂ પીવાની ઈચ્છા દૂર ન થઈ જાય.

# આ સસ્તું ફળ વજન ઘટાડવામાં મદદરૂપ

ભારતમાં મોટાપાયે પપૈયાની ખેતી તેમજ પપૈયાનું સેવન કરવામાં આવે છે, જે પોષક તત્વોથી ભરપૂર છે. પપૈયાનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી છે, પપૈયાના સેવનથી અનેક રોગો દૂર થાય છે, શિયાળામાં પણ પપૈયાનું સેવન કરી શકાય છે, શિયાળાના સેવનથી થતાં ફાયદા વિશે હજારીબાગના જિલ્લા આયુષ અધિકારીએ જણાવ્યું છે.

ભારતમાં અનેક પ્રકારના ફળોની ખેતી કરવામાં આવે છે, જે પૈકી પપૈયું મુખ્ય ફળોમાંનું એક છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં મોટાપાયે પપૈયાની ખેતી કરવામાં આવે છે. આ ઉપરાંત, લોકો ઘરમાં પણ પપૈયાનું વૃક્ષ ઉગાડતા હોય છે. પપૈયાને હેલ્ધી ફળ માનવામાં આવે છે, જેના કારણે લોકો ખૂબ જ ઉત્સાહથી પપૈયાનું સેવન કરવાનું પસંદ કરે છે, સામાન્ય રીતે ઉનાળાની ઋતુમાં પપૈયું ખાવાનું પસંદ કરે છે. જો કે, પપૈયું ઉનાળાની સાથે સાથે શિયાળાની ઋતુમાં પણ ખૂબ જ ફાયદાકારક છે.



પપૈયું શરીરના અનેક રોગોને દૂર કરે છે. પપૈયાના સેવનથી આપણને અનેક પોષક તત્વો મળી રહે છે. પપૈયું ફાઈબર્સ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, વિટામિન C, વિટામિન B 9, પોટેશિયમ અને મેગ્નેશિયમનો ઉત્તમ સ્ત્રોત છે. આ ઉપરાંત, પપૈયામાં તેમાં વિટામિન B1, વિટામિન B3, કેલ્શિયમ, વિટામિન B5, વિટામિન E અને વિટામિન K જેવા પોષક તત્વો જોવા મળે છે, જે સ્વાસ્થ્ય માટે અમૃત સમાન છે. પપૈયું પેટના રોગ માટે સૌથી અસરકારક ફળ છે, તેના સેવનથી પેટ સંબંધિત તમામ સમસ્યાઓ દૂર થાય છે.

પપૈયામાં પપૈન નામનું એન્ઝાઈમ હોય છે, જે પાચન તંત્રને સારું બનાવે છે. ખાલી પેટે પપૈયું ખાવાથી પાચન ક્રિયા સારી થાય છે આ સાથે પાચન તંત્ર પણ મજબૂત થાય છે. મરડા જેવા રોગોમાં પણ પપૈયું ખાવાની સલાહ આપવામાં આવે છે. પપૈયામાં વિટામીન C સારી માત્રામાં હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાનું કામ કરે છે. નિયમિતપણે પપૈયાના સેવનથી શરીર મજબૂત થાય છે અને સાથે અનેક બીમારીઓથી તમને બચાવે છે. એક સર્વે મુજબ જે લોકો નિયમિતપણે સવારમાં ખાલી પેટે પપૈયું ખાય છે, તેઓ બીમાર ઓછા પડે છે. આજના આ સમયમાં મોટાભાગના લોકો મેદસ્વિતાથી પિડાય છે. લોકો વજન ઉતારવા ઘણી મહેનત કરતાં હોય છે. પપૈયાના સેવનથી કરચલીઓ, ખીલ, ડાઘ વગેરે થતા નથી. આ ઉપરાંત, માથા અને વાળ માટે પણ પપૈયાનું સેવન ખૂબ જ ગુણકારી છે, પપૈયાના સેવનથી માથામાં ખોડો અને ફૂગની સમસ્યા રહેતી નથી.

BOLLYWOOD NEWS FLASH

# છૂટાછેડાના સમાચાર પર અભિષેક બચ્ચન કેમ ચૂપ?



। મુંબઈ ।

બોલિવૂડ એક્ટર અભિષેક બચ્ચન ઈન્ડસ્ટ્રીના એવા થોડા લોકોમાંથી એક છે જે વિવાદોથી દૂર રહે છે. તે તમામ કલાકારો સાથે સારા સંબંધો ધરાવે છે અને તેના પારિવારિક જીવનનો આનંદ માણવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આમ હોવા છતાં, અભિષેક બચ્ચનના લગ્ન જીવન વિશે સમયાંતરે નકારાત્મક સમાચાર આવતા રહે છે, જેમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે તેના અને ઐશ વચ્ચે બધું બરાબર નથી ચાલી રહ્યું અને તેઓ હવે જલદી છૂટાછેડા લેવાના છે. ઘણા લોકોને આશ્ચર્ય થાય છે કે પાણી માથા ઉપર હોવા છતાં અભિષેક અને ઐશ્વર્યા ચૂપ કેમ રહે છે? જો તમને પણ આ વાત નથી સમજાતી તો તમને જણાવી દઈએ કે આનું કારણ છે ઐશ્વર્યા છે. વાસ્તવમાં, અભિષેકે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતું કે ઐશ્વર્યા તેને એટલી સલાહ આપી છે કે તે આવા સમાચારો પર ધ્યાન ના આપવું જોઈએ. અભિષેક બચ્ચનના આ અંગે કહ્યું હતુ કે તેણે કહ્યું કે "તે બતકની પીઠ પરથી પાણી કાઢવા જેવું છે," તેણે કહ્યું. મતલબ કે કોઈને મળેલી ટીકા કે નકારાત્મકતા તેને મળેલા પ્રેમ અને વખાણ કરતાં ઘણી વધારે હોય છે.તેણે કહ્યું કે, 'ઐશ્વર્યા રાય બચ્ચન એ મને એકવાર કહ્યું હતું કે જ્યારે તમે ફેમસ થાઓ છો, ત્યારે તમારા વિશે નકારાત્મક અને સકારાત્મક બાબતો ફેલાતી રહે છે. તમારે ફક્ત સકારાત્મક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને લોકો તરફથી તમને મળતા પ્રેમનો સ્વીકાર કરવો જોઈએ. નકારાત્મક બાબતો પર ધ્યાન આપ્યા વિના આગળ વધતા રહો અને જીવનનો આનંદ માણો અને અભિષેક તેની પત્ની ઐશની આ સલાહને અનુસરે છે.

# અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ એક્ટિંગ સ્કૂલમાંથી શીખ્યો ડાન્સ



। મુંબઈ ।

પ્રિયંકા ચોપરાએ બોલિવુડથી લઈને હોલીવુડ સુધી પોતાનું નામ કમાવ્યું છે. હવે લોકો તેને ગ્લોબલ એક્ટ્રેસ તરીકે ઓળખે છે. તેના લુકથી લઈને તેણે એક્ટિંગ સુધી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું ટેલેન્ટ સાબિત કર્યું છે. હાલમાં આ દરમિયાન પ્રિયંકાનો એક થ્રોબેક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ડાન્સ કરતી જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા પર લોકો તેને લાઈક, શેર અને કોમેન્ટ કરી રહ્યા છે. તમે જાણો આ રેયર વીડિયોમાં શું છે જે આટલો વાયરલ થઈ રહ્યો છે. પ્રિયંકા ચોપરા તેના આ જૂના વીડિયોમાં ડાન્સની પ્રેક્ટિસ કરતી જોવા મળી રહી છે. આ ક્લિપ મુંબઈમાં તેની કિશોર નમિત કપૂર એક્ટિંગ ઈન્સ્ટિટ્યૂટની છે. જે વર્ષો પછી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં પ્રિયંકાએ બ્લૂ ટોપ સાથે ટ્રેક પેન્ટ પહેર્યું છે. આ સિવાય તમે ક્લિપમાં જોઈ શકો છો કે એક્ટ્રેસ કેટલી યંગ જોવા મળી રહી છે. પોનીટેલમાં પ્રિયંકાના આ રેયર વીડિયો પર લોકો અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. વીડિયોમાં એક્ટ્રેસ ડાન્સ કરતી વખતે હસતી જોવા મળે છે. આ રીતે મસ્તી અને મજાક કરતા પ્રિયંકાએ મોટું નામ બનાવી લીધું છે. કોમેન્ટ બોક્સમાં ફેન્સ કહે છે કે તેની પાસે શરૂઆતથી જ સ્ટાર ક્વોલિટી હતી.

# શ્વેતા શર્માએ હદથી વધારે નાનકડો ડ્રેસ પહેરીને ઇન્ટરનેટ પર લગાવી આગ

। મુંબઈ ।

શ્વેતા શર્માનો નવો લુક સામે આવતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયો છે. શ્વેતાની આ હોટ તસવીરો ફેન્સ શેર કરી રહ્યા છે. જો કે આ તસવીરોમાં તમે એક્ટ્રેસે કેવા સુપર હોટ પોઝ આપ્યા છે એ તમે જોઈ શકો છો. શ્વેતા એકથી એક હટકે પોઝ આપીને લોકોને ઘાયલ કરતી જોવા મળી રહી છે. શ્વેતા કોઈ સિમ્પલ પોઝ આપે છે તો કોઈ તસવીરમાં ચશ્મા પહેરીને હોટ પોઝ આપતા જોવા મળી રહી છે. એક્ટ્રેસે પોતાના ચશ્માની ફ્રેમ પણ વ્હાઈટ ડ્રેસની સાથે મેચ કરી છે. ચશ્મા શ્વેતાના લુકમાં ચાર ચાંદ લગાવવાનું કામ કરે છે. શ્વેતાના ચશ્મા પણ તમને એક નજરે ગમી જાય એવા છે. શ્વેતા પોતાની આગવી અદાઓથી જાણીતી છે. શ્વેતા શર્માનો નવો લુક સામે આવતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયો છે. શ્વેતાની આ હોટ તસવીરો ફેન્સ શેર કરી રહ્યા છે. જો કે આ તસવીરોમાં તમે એક્ટ્રેસે કેવા સુપર હોટ પોઝ આપ્યા છે એ તમે જોઈ શકો છો. શ્વેતા એકથી એક હટકે



પોઝ આપીને લોકોને ઘાયલ કરતી જોવા મળી રહી છે. શ્વેતા શર્માની આ તસવીરમાં તમે જોઈ શકો છો કે એ પોતાના ટોન્ડ લેગ્સ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. શ્વેતા શર્મની આ તસવીરમાં એનો બોલ્ડ અંદાજ જોવા મળી રહ્યો છે. ટોન્ડ લેગ્સ બતાવવા માટે શ્વેતા પોતાની સ્ટાઈલ પણ બદલી છે. આમ, શ્વેતાએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળ છૂટ્ટા રાખ્યા છે. આ સાથે ગળામાં કોઈ એસેસરીઝ પહેરી નથી. શ્વેતા શર્મા આ તસવીરમાં મસ્ત લાગી રહી છે. શ્વેતા શર્માની સ્માઈલ ફેન્સનું દિલ જીતી લે એવી છે. એક્ટ્રેસે લોન્ગ ઈયરરિંગ્સ પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. આમ, વાત કરવામાં આવે તો શ્વેતા પોતાની ડાન્સની અદાઓથી લોકોને ઘાયલ કરી દે છે.

# બોબીને ફેન્સે કહ્યું હવે લોર્ડને Z સિક્યોરિટી આપો



। મુંબઈ ।

ફિલ્મ એનિમલ બાદ બોબી દેઓલની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. આ ફિલ્મથી તેને શાનદાર કમબેક મળ્યું છે. આ ફિલ્મમાં બોબીનો નાનો રોલ એટલો પસંદ કરવામાં આવ્યો કે રણબીર કપૂર કરતા તેની ચર્ચા ચારેબાજુ થવા લાગી. નેગેટિવ રોલમાં પણ લોકોને બોબી ઉત્તમ લાગ્યો. આ ફિલ્મ બાદ ફરી એકવાર તેને ફેન્સનો અઢળખ પ્રેમ મળી રહ્યો છે. આ દરમિયાન બોબીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં બોબી દેઓલ એરપોર્ટની બહાર નીકળતો જોવા મળી રહ્યો છે. પરંતુ તે સિક્યોરિટી વગર પોતાની કાર તરફ જતો જોવા મળે છે. ત્યાં હાજર લોકોએ બોબીને જોયો કે તરત જ એક્ટરને ઘેરી લીધો. તેમના ફેવરેટ એક્ટર સાથે સેલ્ફી લેવા માંગતા ઘણા ફેન્સ ત્યાં પહોંચ્યા અને બોબી સાથે તસવીરો ક્લિક કરાવવા લાગ્યા. એક પછી એક ફેન આવતા અને ફોટા ક્લિક કરતા રહ્યા. બોબીએ પણ તેના ફેન્સને નિરાશ કર્યા નથી. તેને ન તો કોઈ પર ગુસ્સો કર્યો અને ન તો કોઈને સેલ્ફી લેતા રોક્યા. બોબી દેઓલની આ સ્ટાઈલ તેના ફેન્સને ઘણી પસંદ આવી રહી છે.

યુઝર્સ તેના વીડિયો પર કોમેન્ટ્સ દ્વારા તેના વખાણ કરી રહ્યા છે. એક યુઝરે કમેન્ટ કરી કે તે આના હકદાર છે. એક યુઝરે કહ્યું કે તે ડિઝર્વ કરે છે. અન્ય એક યુઝરે લખ્યું કે હવે લોર્ડ બોબીને ઢ સિક્યોરિટીની જરૂર છે. સંદીપ રેડ્ડી વાંગાની એનિમલમાં બોબી દેઓલ અબરારના રોલમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં બોબીનો એક પણ ડાયલોગ નથી. પરંતુ અવાજ વિનાનું પાત્ર ભજવીને પણ તે દરેકના મન પર પોતાની છાપ છોડવામાં સફળ રહ્યો. હાલમાં જ એવી ચર્ચા થવા લાગી હતી કે એનિમલ પાર્કમાં બોબીનું પાત્ર ફરી એકવાર ફરી જીવંત થઈ શકે છે. જો આવું થશે તો તેના ફેન્સ માટે આ એક સારા સમાચાર હશે.

# ઝાલોદ નગરની રાષ્ટ્ર સેવિકા સમિતિની બહેનો દ્વારા નગરના પ્રસૂતિ ગૃહની મુલાકાત કરી જીજાબાઇના જીવન વિશે માહિતી આપવામા આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરની રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા આજરોજ ૧૨-૦૧-૨૦૨૪ ના રોજ મહાન રાજમાતા અને છત્રપતિ શિવાજી મહારાજને જન્મ આપનાર જીજાબાઈના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિર અને સાહસી જીજાબાઈ એ મોગલ સામ્રાજ્યને ખત્મ કરવા શિવાજી જેવા પુત્રને જન્મ આપ્યો, જન્મથી જ જીજાબાઈ એ શિવાજીને વિરતાના લક્ષણો આપ્યાં હતાં. જીજાબાઈ એ સમાજને કલંકિત એવા સતી પ્રથાને નાબૂદ કરવાં તેમજ કુરિવાજો દૂર કરવા શિવાજીને સતત પ્રેરણા આપતા હતા. શિવાજી એ માતા જીજાબાઈ પાસે વીરતાના શિક્ષણ થકી તલવાર પ્રસાદમાં લીધી હતી. ત્યારબાદ શિવાજી મહારાજે ધીરે ધીરે પોતાના વીરતાના સથવારે અને રાજમાતા જીજાબાઈના મોગલ સામ્રાજ્ય ખત્મ કરવાના સપના પૂરા કરવા લાગ્યા. આવા મહાન રાજમાતા જીજાબાઈ વિશે નગરની રાષ્ટ્ર સેવા સમિતિની બહેનો દ્વારા નગરની પ્રસૂતિ ગૃહની બહેનોની મુલાકાત કરી હતી. પ્રસૂતિ ગૃહની દરેક બહેનો પોતે રાજમાતા જીજાબાઈ જેવુ સાહસી જીવન જીવે અને આવનાર સંતાનને શિવાજી જેવા મહાન બનાવે તેવી પ્રેરણા રાષ્ટ્ર સેવિકાની બહેનોએ પ્રસૂતિ ગૃહની બહેનોને આપી હતી. રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા જીજામાતાની જન્મ જયંતી નિમિત્તે ઝાલોદ નગરના મુખ્ય પ્રસૂતિ ગૃહોમાં જીજામતા અને શિવાજી મહારાજનો ફોટો આપવામાં આવ્યો હતો જે થકી આજની માતા આ ફોટો જોઈ પોતે જીજાબાઈ બની પોતાના આવનાર બાળકનું લાલન પોષણ શિવાજી જેવું બનાવે તે માટે રાષ્ટ્ર સેવા સમિતિની બહેનો દ્વારા ઝાલોદ સબ જિલ્લા હોસ્પિટલ,મહિપ હોસ્પિટલ,ઈશાન વુમન્સ હોસ્પિટલ અને પૂજા હોસ્પિટલના પ્રસૂતિ ગૃહોમાં જઈ બહેનોને જીજાબાઈનો ફોટો આપી મુલાકાત કરી હતી તેમજ જીજાબાઈ અને શિવાજી મહારાજ વિશે સુંદર વક્તવ્ય આપી મહિલાઓ ને માહીતગાર કર્યા હતા.

# સંજેલીની શ્રી શ્રધ્ધા વિધાલયમાં ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

સંજેલી તાલુકા મથકે આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિધાલય કાર્યરત છે જેમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના બાળકોને શાળા પરિવાર દ્વારા પતંગો વિતરણ કરવામાં આવ્યા હતા.શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર મકવાણાએ ઉતરાયણ પર્વનું મહત્વ, દાનનું મહત્વ અને આ ઉતરાયણ પર્વમાં રાખવાની કાળજી વિશે બાળકોને વિસ્તૃત જાણકારી આપી હતી. તમામ બાળકોએ પતંગો ચગાવી આનંદ માણ્યો હતો સાથે સાથે શાળા સ્ટાફ સંગાડા અશ્વિનભાઈ, મકવાણા અલકાબેન, ખરાડી સગુણાબેન, ડામોર કિંજલબેન તમામ દ્વારા પતંગો ચગાવવાની મજા માણી હતી.

# ઝાલોદ લાયન્સ કલબ દ્વારા સંચાલિત સ્કૂલમા રલ્માં વાર્ષિક એન્યુઅલ ડેની ઉજવણી વિવિધ પ્રોગ્રામ દ્વારા કરવામાં આવી

## કાયમી ચીફ ઓફીસરનો અભાવ તેમજ નગરપાલિકાના જવાબદાર કર્મચારીઓનું કામ કરવા પ્રત્યેનું મનસ્વી વલણ જવાબદાર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

લાયન્સ ક્લબ સંચાલિત સ્કૂલોમા એસ. એ.મહેતા પ્રી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, બી.ડી. શાહ પ્રી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, કે.પી.મહેતા મીડલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, બ્રાઈટ ઈંગ્લિશ મીડિયમ સેકંડરી સ્કૂલ ,લાયન્સ ગુજરાતી મીડિયમ બાલ મંદિર, લાયન્સ ગુજરાતી મીડીયમ શાળા ,લાયન્સ બ્રાઈટ ગુજરાતી સેકંડરી સ્કૂલનો સમાવેશ થાય છે. તારીખ ૧૨-૦૧-૨૦૨૪ શુક્રવારના રોજ બપોરે ત્રણ વાગે લાયન્સ ક્લબ સંચાલિત સ્કૂલોનુ વાર્ષિક એન્યુઅલ ડે શાળાના કમ્પાઉંડમા ઉજવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સહુ પ્રથમ દિપ પ્રાગટ્ય સાથે સ્કૂલના પ્રોગ્રામ ચાલુ કરવામાં આવ્યા હતા. દિપ પ્રાગટ્ય લાયન્સ ક્લબના પ્રમુખ કૃષ્ણદાસ ખંડેલવાલ તેમજ ઉપસ્થિત લાયન્સ ક્લબના સભ્યો અને સ્કૂલના આચાર્યો દ્વારા કરવામાં આવેલ હતું. ત્યારબાદ બાળકો દ્વારા ગણેશ વંદના કરી પ્રોગ્રામ ચાલુ કરવામાં આવેલ હતો. લાયન્સ ક્લબના પ્રમુખ કૃષ્ણદાસ ખંડેલવાલ દ્વારા સ્કૂલની સ્થાપના અને તેના વિકાસને લઈ તેમજ લાયન્સ ક્લબ સંચાલીત સ્કૂલમાં અભ્યાસ કરનાર વિધાર્થીઓ આજે નામાંકિત શિક્ષણ પ્રાપ્ત કરી સારી જગ્યાએ નોકરી કરી સ્કૂલનું નામ રોશન કર્યુ અને આ શાળામાં થતી વિવિધ એક્ટીવીટી વિશે સચોટ માહિતી આપી હતી. સ્કૂલના પ્રિન્સિપાલ રાજવાલા ડામરીયા દ્વારા સ્કૂલમાં બાળકોના અભ્યાસમાં રખાતી વિશે તકેદારી તેમજ પુસ્તકાલય, વાલી મીટિંગ ,મેનેજમેંટ મીટિંગ, રમતગમત, યોગ પ્રશિક્ષણ, કરાટે, ડાંસ અને સાથે સાથે વિધાર્થીઓનું સતત શિક્ષણ સાથે કાઉન્સલીંગ થાય છે તે વિશે સ્કૂલની માહિતી થી ઉપસ્થિત વાલીગણને માહિતગાર કર્યા હતા.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજના આ પ્રોગ્રામમાં બ્રાઈટ સ્કૂલ વાર્ષિક ઉત્સવ ઉજવાયો જેમાં લગભગ ૪૦૦ બાળકોએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો જેમાં દરેક બાળકોએ અકલ્પનીય અભિનય આપી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આજના પ્રોગ્રામમાં યોજાયેલ પ્રસ્તુતિમાં બોલિવૂડ એકશન, સાઉથ ઈન્ડિયન, પંજાબી, સ્કૂલ લાઈફ, શિવાજી, ગરીબ બાળકો , ભાઈ, ધર્મ એકતા, કોરોના વોરિયર્સ, ગણેશ વંદના, ભૂતિયા, બેટી બચાઓ, ઈન્ડિયન ઓલામ્પિક વિજેતા, યોગા અને કરાટે વેજી પ્રસ્તુતિ પેશ કરી, આ બાળકોને સ્કૂલ અચટીવિટી ટીચર ઉમેશ મહાવર થી ડાન્સની ટ્રેનિંગ મળેલી હતી. આજના પ્રોગ્રામમાં લાયન્સ ક્લબના પ્રમુખ કૃષ્ણદાસ ખંડેલવાલ, સેક્રેટરી જવાહર અગ્રવાલ, ટ્રેસર મુકેશ અગ્રવાલ તેમજ લાયસન્સ ક્લબના મેમ્બરો , પ્રિન્સિપાલ મીઠાલાલ પ્રજાપતિ અને રાજવાલા ડામરીયા તેમજ સ્કૂલ સ્ટાફ પરિવાર ,વિધાર્થીઓના વાલી અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને ઉત્સાહ પૂર્વક સફળ બનાવ્યો હતો. વિશેષમાં આજના આ સુંદર પ્રોગ્રામનુ સ્ટેજ પર સફળ રીતે સંચાલન સ્કૂલના ટીચર કિશન દેવડા અને વૈશાલી ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું જેને ઉપસ્થિત સહુ લોકોએ બિરદાવ્યું હતુ.

## બાતમીના આધારે દરોડા પાડવામાં આવ્યો હતા

# પાલનપુરમાંથી ઓનલાઈન સટ્ટો રમાડતા બે ઝડપાયા, ૧૬ મોબાઈલ રાખીને તેના દ્વારા સટ્ટો ચલાવવામાં આવતો હતો

। પાલનપુર, તા.૧૩ ।

પાલનપુર શહેરમાંથી ઓનલાઈન સટ્ટો રમાતો ઝડપાયો છે. એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હોવા દરમિયાન બાતમી મળતા પાલનપુર શહેરમાં હરીપુરા રોડ પર આવેલા ગુરુ નક્ષત્ર ફ્લેટમાંથી ઓનલાઈન સટ્ટો રમાડવામાં આવતો હોવાની જાણકારી મળતા દરોડા પાડવામાં આવ્યો હતો. જ્યાં દરોડો પાડતા સટ્ટો-જુગાર ચલાવાતો ઝડપાયો હતો.

પાલનપુર શહેરમાંથી ઓનલાઈન સટ્ટો રમાડાતો ઝડપાઈ આવ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ટની ટીમને બાતમી મળવાને લઈ પાલનપુર શહેરમાં આવેલ ગુરુ નક્ષત્ર ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી ઓનલાઈન જુગાર સટ્ટો રમાડાતો હોવાનું ઝડપાઈ આવ્યુ હતું. ફ્લેટમાં વાઈફાઈ આધારે ઈન્ટરનેટની સિસ્ટમ ગોઠવીને ૧૬ મોબાઈલ રાખીને તેના દ્વારા સટ્ટો ચલાવવામાં આવતો હતો. પોલીસે જુગાર સટ્ટો રમાડવાનો તમામ સામાન જપ્ત કરવામાં આવ્યો છે. તેમજ બે આરોપીઓને પણ ઝડપી લઈને



ચાર આરોપીઓ સામે શહેરના પૂર્વ પોલીસ મથકમાં ગુનો નોંધીને તપાસ શરુ કરવામાં આવી છે. ઝડપાયેલ આરોપી :

૧. તરંગ મનુભાઈ ટાંક (માળી), રહે. વિરેન પાર્ક, ડીસા. જિ. બનાસકાંઠા

૨. નારણ મુળચંદદાસ લવાણા (સિંધી) રહે. લીલાશાનગર, ડીસા. જિ. બનાસકાંઠા

ફરાર આરોપી : ૧. દીપક ઉર્ફે શેરુ હરેશભાઈ ઠક્કર (સિંધી) રહે. ચિત્રકૂટ સોસાયટી, ડીસા. જિ. બનાસકાંઠા

૨. હંસરાજ ઉર્ફે હસીયો પ્રેમાજી માળી, રહે. લીલાશાનગર, ડીસા. જિ. બનાસકાંઠા

# મહીસાગર જિલ્લાના સહકાર ભારતી અન્વયે સ્થાપના દિનની ઉજવણી

## મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે ભારતી સ્થાપના દિન નિમિત્તે તા.૧૨ મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૩ ।

મહીસાગર જિલ્લાના કડ-ાણા તાલુકાના કડાણા ગામે સહકાર ભારતી સ્થાપના દિન નિમિત્તે તા.૧૨ મી જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે વિવિધ સહકારી કાર્યકર્તાઓ દ્વારા સ્થાપ ના દિન ની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય મહેમાન શ્રી મણીભાઈ પટેલ, અતિથી વિશેષ તા. વિ. અ.શ્રી હેતલબેન કટારા, અર્બન બેંક ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ પટેલ, એ.પી. એમ.સી.ચેરમેન શ્રી કાળુભાઈ ડામોર, જિલ્લા મંત્રી તેમજ ચીફ બ્યુરો શ્રી સંતોશભાઈ જોષી, ઉપસ્થિત રહ્યા હતા. નીમંત્રક શ્રી પ્રકાશભાઈ જોષી, શ્રી ભરતભાઈ પંડ્યા, શ્રી મનોરભાઈ પટેલ, શ્રી જયેશભાઈ પંચાલ, શ્રી નવીનભાઈ માછી, તેમજ પ્રકાશભાઈ પાદરીયા દ્વારા સખી મંડળો ને પ્રોસ્તાહિત કરવામાં આવ્યા હતા આભારવિધિ શ્રી ભરતભાઈ એ. પંડ્યા એ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં ૧૪૫ કરોડના ખર્ચે તૈયાર કરેલા બસ પોર્ટની દુર્દશા સામે આવી

## બસ મથકના વેઈટિંગ એરિયામાં છતમાંથી પાણી ટપકી રહ્યું છે તેમજ મુસાફરોને પાણી પીવા માટે પરબ છે પરંતુ પરબમાં પાણી નથી આવતુ

। રાજકોટ, તા.૧૩ ।

રાજકોટમાં ૧૪૫ કરોડના ખર્ચે તૈયાર કરેલા બસ પોર્ટની દુર્દશા સામે આવી છે. બસ મથકના વેઈટિંગ એરિયામાં છતમાંથી પાણી ટપકી રહ્યુ છે. તેમજ મુસાફરોને પાણી પીવા માટે પરબ છે પરંતુ પરબમાં પાણી નથી આવતુ. રાજકોટનું મુખ્ય બસ મથક જેની તુલના એરપોર્ટ સાથે કરાતી હતી એટલા માટે જ આ બસ મથકનું નામ બસ પોર્ટ રાખવામાં આવ્યુ છે. પરંતુ ૧૪૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ બસ પોર્ટની દુર્દશા સામે આવી છે. રાજકોટ બસપોર્ટમાં મુસાફરો જ્યાં બેસે છે તે જ વેઈટિંગ એરિયામાં છતમાંથી પાણી ટપકી રહ્યું હતું છે. જેને લીધે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ટપકતા પાણીને એકઠુ કરવા ડોલ મુકવાની નોબત આવી છે.

# ચિક્કીના વિક્રેતા અને ઉત્પાદકો પર મનપાના આરોગ્ય વિભાગની તવાઈ

। રાજકોટ, તા.૧૩ ।

રાજકોટમાં ફરી એક વાર કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા નમૂના લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગે વિવિધ ચીકીના વિક્રેતા અને ઉત્પાદકોને ત્યાં તપાસ હાથ ધરી હતી. જેમાં ૧૦ વેપારીઓને ત્યાંથી નમૂના લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. રાજકોટમાં ફરી એક વાર કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા નમૂના લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગે વિવિધ ચીકીના વિક્રેતા અને ઉત્પાદકોને ત્યાં તપાસ હાથ ધરી હતી. જેમાં ૧૦ વેપારીઓને ત્યાંથી નમૂના લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ચીકીની સાથે સાથે તલના લાડુ અને કચરિયાના નમૂના પણ લેવામાં આવ્યા હતા. બીજી તરફ આ અગાઉ જામનગરમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થ ઝડપાયો હતો.જામનગરમાં ભેળસેળયુક્ત ઘીનો વિશાળ જથ્થાને જપ્ત કરવામાં આવ્યો હતો.હિરેન ટ્રેડ્સ નામની દુકાનમાંથી અખાદ્ય ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

# અમરેલીના લાલવદર ખાતે કુવામાંથી 3 મૃતદેહ મળી આવ્યા, શ્રમિક પરિવાર દ્વારા આત્મહત્યાની ઘટના

। અમરેલી, તા.૧૩ ।

અમરેલીનાં લાલાવદર ગામની સીમમાં અલ્પેશભાઈની વાડીમાં ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતા પતિ-પત્નિ તેમજ મૃતક યુવકની બહેને કૂવામાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું હતું. જે બાબતે ગામનાં રહીશોને જાણ થતા તેઓએ આ બાબતે તાત્કાલીક અમરેલી ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી. ફાયર વિભાગની ટીમે ઘટનાં સ્થળે પહોંચી ત્રણેય મૃતદેહ બહાર કાઢ્યા હતા. આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ તેમજ અમરેલી સાંસદ નારણ કાછડીયા તાત્કાલીક ઘટનાં સ્થળે દોડી આવ્યા હતા. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુરૂવારે રાત્રે શ્રમિકો વચ્ચે કોઈ બાબતને લઈ લડાઈ જવા પામી હતી. જે બાદ ત્રણેય શ્રમિકોએ કૂવામાં કૂદી મોતને વ્હાલું કર્યું હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે. ત્રણેય શ્રમિકો વચ્ચે ક્યાં કારણોસર બોલાચાલી થઈ હતી. તે તમામ મુદ્દાઓ પર હાલ પોલીસ દ્વારા ધ્યાન આપી તેમનાં સગા-સબંધીઓનો તેમજ ખેતરમાં આજુબાજુ કામ કરતા લોકોની પણ પૂછપરછ હાથ ધરી છે. જે બાદ ત્રણેય શ્રમિકોએ કૂવામાં કૂદી મોતને વ્હાલું કર્યું હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે. ત્રણેય શ્રમિકો વચ્ચે ક્યાં કારણોસર બોલાચાલી થઈ હતી. તે તમામ મુદ્દાઓ પર હાલ પોલીસ દ્વારા ધ્યાન આપી તેમનાં સગા-સબંધીઓનો તેમજ ખેતરમાં આજુબાજુ કામ કરતા લોકોની પણ પૂછપરછ હાથ ધરી છે. શ્રમિકોએ ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે બાબતે તપાસ શરૂ: હિમકરસિંહ (પોલીસ અધિક્ષક)અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે સમગ્ર ઘટનાં અંગે જણાવ્યું હતું કે, લાલાવદર ગામની સીમમાં આવેલ કૂવામાંથી મૃતદેહ મળી આવવા મામલે તપાસ ચાલુ છે. તેમજ શ્રમિક પરિવાર દ્વારા ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે બાબતે તેમનાં સગા-સંબંધીઓનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ

- મુકેશભાઈ અંતુરભાઈ દેવરખીયા
- ભૂરીબેન મુકેશભાઈ દેવરખીયા
- જાનુબેન અંતુરભાઈ દેવરખીયા

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. આ રાશિ ના લોકો ને આજે દારૂ અને સિગારેટ થી દૂર રહેવા ની જરૂર છે કારણ કે તે તમારો કિંમતી સમય બગાડે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો જ્યારે તમે કોઈને કરેલી મદદને કારણે તેને વળતર મળશે અથવા તેના કામની નોંધ લેવાશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. તમારે ફ્રી ટાઈમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં તો તમે જીવન માં ઘણા લોકો થી પાછળ રહી જશો.

### યમનમાં હૂથી વિદ્રોહીઓના ઠેકાણા પર હુમલા

# હૂથી વિદ્રોહીઓની યુએસ-યુકેને બદલો લેવાની ચેતવણી

### અમેરિકા અને યૂકેના હુમલા બાદ હૂથીઓએ યુદ્ધનું એલાન

।(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩।

અમેરિકા અને યુકેની સેનાએ યમનમાં હૂથી વિદ્રોહીઓના ઠેકાણા પર હુમલા શરૂ કર્યા છે. જેના પર હૂથી વિદ્રોહીઓએ અમેરિકા અને યૂકેને ચેતવણી આપતા કહ્યુ છે કે આ આક્રમકતાની તેમને ભારે કિંમત ચૂકવવી પડશે. મહત્વનું છે કે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને સ્પષ્ટ કર્યુ હતું કે આ હુમલા હૂથી વિદ્રોહીઓને પાઠ ભણાવવા માટે છે. અમેરિકાએ રાતા સમુદ્રથી પસાર થનારા જહાજોને નિશાન બનાવવાની જવાબી કાર્યવાહી ગણાવી છે.

અમેરિકા અને યૂકેના હુમલા બાદ હૂથીઓએ પણ યુદ્ધનું એલાન કરતા જવાબી હુમલા શરૂ કરી દીધા છે. શુક્રવારે હૂતી નાયબ વિદેશ મંત્રી હુસૈન અલ-એજીએ કહ્યુ કે યમન પર હુમલાના અમેરિકા અને બ્રિટને ગંભીર પરિણામ ભોગવવા પડશે. હૂથી વિદ્રોહીઓના અધિકારીએ કહ્યુ કે અમેરિકી અને યૂકેની સેનાએ મોટા પાયે આક્રમક હુમલો કર્યો છે. જેનો અમે જડબાતોડ જવાબ આપીશુ. તો બીજી બાજુ આ સંઘર્ષની વચ્ચે સાઉદી અરબે હૂથી સંગઠનને સંયમ રાખવાની સલાહ આપી છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડની જાણકારી અનુસાર ગુરૂવારે રાત્રે લગભગ ૨.૩૦ મિનિટ પર ગઠબંધન દેશોની મદદથી અમેરિકી સેનાએ હૂથી સંગઠનના ઠેકાણા પર હુમલા કર્યા. આ હુમલામાં હૂથીઓની રડાર સિસ્ટમ, એર ડિફેન્સ સિસ્ટમ અને હથિયારોના ભંડારોને નિશાન બનાવવામાં આવ્યા છે. અમેરિકાનો દાવો છે કે ઈરાન સમર્થિત હૂથી વિદ્રોહોએ ગયા વર્ષે ૧૭ ઓક્ટોબરથી લઈને અત્યાર સુધી રાતા સમદ્રમાં આંતરરાષ્ટ્રીય સમુદ્રી માર્ગો પર ૨૭ જહાજો પર હુમલા કર્યા છે. દરમિયાન આ હુમલા રાતા સમુદ્ર પર હૂથીઓના વધતા હુમલાનો જવાબ છે. અમેરિકાએ સ્પષ્ટ કરી દીધુ કે જો હૂથી રાતા સમુદ્રમાં જહાજોને નિશાન બનાવવાનું ચાલુ રાખશે તો યમનમાં વધુ હુમલા કરવામાં આવશે. જેના સામે હૂથીઓએ પણ જવાબી કાર્યવાહી કરવાનું એલાન કર્યુ છે. અમેરિકાએ સ્પષ્ટ કરી દીધુ કે જો હૂથી રાતા સમુદ્રમાં જહાજોને નિશાન બનાવવાનું ચાલુ રાખશે તો યમનમાં વધુ હુમલા કરવામાં આવશે. જેના સામે હૂથીઓએ પણ જવાબી કાર્યવાહી કરવાનું એલાન કર્યુ છે.




૨૦૨૦ માં દિલ્હીમાં ઝૂંપડપટ્ટીના તોડફોડના વિરોધ દરમિયાન રહેવાસીઓ વાસણો ચોંટે છે...

# અધૂરા રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા ન કરી શકાય : કોંગ્રેસ

### પ્રાણ પ્રતિષ્ઠા નિયમો અનુસાર થઈ રહ્યો ન હોઈ શંકરાચાર્યો પ્રાણ પ્રતિષ્ઠાના મહોત્સવમાં તેઓ હાજર રહેશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પર રાજકીય ઘમાસાણ અટકવાનું નામ નથી લઈ રહી. કોંગ્રેસ ફરી એકવાર રામ મંદિરમાં થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને ભાજપનો રાજકીય કાર્યક્રમ ગણાવ્યો છે.

કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ આજે પ્રત્રકાર પરિષદ કરીને ભાજપને સાવલો કર્યા હતા. તેમણે ભાજપને પુછ્યું કે શું પ્રાણ પ્રતિષ્ઠા માટે નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે? તેમણે ચારેય શંકરાચાર્યોની વાતને રિપીટ કરતા કહ્યું હતું કે અધૂરા મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા ન કરી શકાય. શંકરાચાર્યની ચીઠ્ઠી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે આ ચીઠ્ઠીમાં મેનેજર અને અંગત સચિવની સહી છે જ્યારે દરેક લોકોએ શંકરાચાર્યનો વીડિયો જોયો છે આના પરથી ખ્યાલ આવી જશે કે આઈટી સેલ કેટલો સક્રિય છે. ઉલ્લેખનીય છે કે ચારેય શંકરાચાર્યોએ કહ્યું હતું કે અયોધ્યામાં રામ મંદિરમાં થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના મહોત્સવમાં તેઓ હાજર રહેશે નહીં. તેમનું કહેવું હતું કે પ્રાણ પ્રતિષ્ઠા નિયમો અનુસાર થઈ રહ્યો નથી.

કોંગ્રેસ પ્રવક્તાએ વધુમાં કહ્યું કે ભગવાન અને મારી વચ્ચે કોઈ વચ્ચેટિયો ન હોઈ શકે. પ્રાણ પ્રતિષ્ઠા માટે ક્યા પંચાંગમાંથી તારીખ નક્કી કરવામાં આવી છે? શું લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને તારીખને પસંદ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે આપણે એક માણસના રાજકીય તમાશા માટે ભગવાન સાથે છળકપટ જોઈ શક્તા નથી. આ ઉપરાંત તેમણે કહ્યું કે રાજકીય કાર્યક્રમમાં મારા અને મારા ભગવાનની વચ્ચે કોઈ રાજકીય પક્ષના કાર્યકર્તા વચેટિયા બનીને બેસી જાય તે જરાપણ સહન નહીં કરીએ.

# આંધ્રના સુકાની હનુમાન વિહારીએ સુકાનીપદ છોડ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

એવું ભાગ્યે જ બને છે કે કોઈ ટીમ જોરદાર પ્રદર્શન કરતી હોય અને તેનો કેપ્ટન અચાનક જ રાજીનામું આપી દે. હનુમા વિહારીની કપ્તાની હેઠળ આંધ્રપ્રદેશે ૨૦૨૩-૨૪ રણજી ટ્રોફી સીઝનની શરૂઆતની મેચ બંગાળ સામેડ્રો રમ્યો હતો. આજે ટીમની બીજી મેચ મુંબઈ ટીમ સામે છે, પરંતુ તે પહેલા જ ૩૦ વર્ષીય ખેલાડીએ કેપ્ટનશીપ છોડીને કહ્યું કે, હું બેટિંગ પર ધ્યાન આપવા માગું છું. હવે તેમના સ્થાને વિકેટકીપર-બેટ્સમેન રિકી ભુઈને બાકીની સિઝન માટે કેપ્ટન જાહેર કરવામાં આવ્યા છે.

વિહારીએ ૧૩૩ બોલમાં ૫૧ રનની શાનદાર ઈનિંગ રમી, આંધ્રને પ્રથમ દાવમાં ૪૪૫ રન બનાવવામાં મદદ કરી અને વિશાખાપટ્ટનમમાં ૩૬ રનની મહત્ત્વપૂર્ણ લીડ મેળવી.જો કે,આ મેચ ડ્રો રહી હતી.

નવા કેપ્ટન રિકી ભુઈએ જણાવ્યું હતું કે, તેમણે(હનુમા વિહારી)અંગત કારણોસર પદ છોડ્યું છે. તે પોતાની બેટિંગ પર ધ્યાન આપવા માંગે છે. છેલ્લી સિઝનમાં અમે મુશ્કેલ પીચ પર રમ્યા હતા. પરંતુ આ વખતે અમારી પાસે સારા સ્પિનરો છે તેથી અમે અલગ-અલગ પીચ પર પણ રમી શકીએ. વિહારીએ છેલ્લી રમતમાં પણ સારી શરૂઆત કરી હતી, પરંતુ તે તેને મોટી ઈનિંગ્સમાં બદલી શક્યો નહોતો. અમે જાણીએ છીએ કે તે મોટી સદી ફટકારવામાં સક્ષમ છે. તે બધું એક દાવ પર નિર્ભર છે. જો તે આત્મવિશ્વાસ મેળવે તો બધું શક્ય છે. ઉલ્લેખનીય છે કે, હનુમા વિહારી હાલ ભારતીય ટીમમાંથી બહાર છે અને તેમણે છેલ્લે ૨૦૨૨માં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચ રમી હતી. વિહારીએ શ્રેયસ અય્યર અને કેએલ રાહુલ જેવા ખેલાડીઓને પણ ટક્કર આપી હતી. અને તેમણે છેલ્લે ૨૦૨૨માં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચ રમી હતી. વિહારીએ શ્રેયસ અય્યર અને કેએલ રાહુલ જેવા ખેલાડીઓને પણ ટક્કર આપી હતી.

### બીજી મેચમાં બે ફેરફાર

# કેપ્ટન રોહિતને આઉટ કરાવનાર ગિલને ટીમમાંથી કાઢવામાં આવશે?




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

**T20** વર્લ્ડ કપની તૈયારી કરી રહેલી ભારતીય ટીમ હાલમાં અફઘાનિસ્તાન સામે **T20** સિરીઝ રમી રહી છે. ભારતે પ્રથમ **T-20** મેચમાં ટીમ ઈન્ડિયાએ અફઘાનિસ્તાનને ૬ વિકેટે હરાવ્યું હતું. જો કે આ સીરીઝ શરૂ થાય તે પહેલા જ બધાને ખબર હતી કે ટીમ ઈન્ડિયા જ આ સીરીઝ જીતશે અને તેને **T20** વર્લ્ડ કપની તૈયારી તરીકે પણ જોવામાં આવી રહી છે. પ્રથમ મેચમાં એક એવી ઘટના બની જેણે શુભમન ગિલ અને રોહિત શર્મા વચ્ચેની મૂંઝવણને કારણે ઘણી હેડલાઈન્સ બનાવી હતી. શુભમન ગિલની ભૂલને કારણે રોહિત શર્મા ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયો હતો, આ દરમિયાન ભારે વિવાદ થયો હતો. પરંતુ હવે બીજી **T20** આવવાની છે ત્યારે શુભમન ગિલ માટે ખતરાની ઘંટડી બની શકે છે. **ODI**માં ૬૦ની એવરેજથી રન બનાવનાર શુભમન ગિલ **T20** ફોર્મેટમાં આટલો હિટ રહ્યો નથી. તેણે અત્યાર સુધી માત્ર ૧૪ **T-20** મેચ રમી છે અને તેમાં તેણે માત્ર ૩૩૫ રન બનાવ્યા છે. આશ્ચર્યજનક વાત એ છે કે આમાં પણ તેના નામે એક **T-20** સદી છે, એટલે કે તે બાકીની મેચોમાં ઘણો નિષ્ફળ રહ્યો છે. **T-20** ફોર્મેટમાં શુભમન ગિલની સરેરાશ માત્ર ૨૫.૭૭ રહી છે. આ જ કારણ છે કે ટી-૨૦ ફોર્મેટમાં શુભમન ગિલના સ્થાન પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

### કેવી રીતે થઈ ગયાં ગાયબ? રિસર્ચે કર્યો ખુલાસો

# કિંગ કોન્ગ જેવા જાનવર એક સમયે ધરતી પર ફરતા હતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

શું તમે કિંગ કોંગ મૂવી જોઈ છે અથવા કિંગના પાત્રવાળી કોઈ ફિલ્મ જોઈ છે. તો શું તમને પણ ખોટું લાગે છે કે જે પ્રકારે ડાયનાસોર ક્યારેય ધરતી પર ફરતા હતાં, તે પ્રકારે કિંગ કોન્ગ પણ ફરતા હતાં. એ પહેલા કે તમે કંઈક વિચારો, અમે તમને જણાવી દઈએ કે જે પ્રકારે વૈજ્ઞાનિકોએ ડાયનાસોરના જીવાશ્મ મળતા રહે છે, તેવી જ રીતે કિંગ કોન્ગની સાથે નથી. અત્યાર સુધી વૈજ્ઞાનિકોએ કિંગ કોન્ગ જેવા જાનવરના હોવાના ક્યારેય જીવાશ્મ નથી મળ્યાં. પરંતુ. નવા અધ્યયનમાં દાવો કરવામાં આવ્યો છે કે, કિંગ કૉન્ગ જેવા જાનવરને અસ્તિત્વ વાસ્તવમાં હતું. અભ્યાસ અનુસાર, દક્ષિણ ચીનમાં સદીઓ પહેલા ૧૦ ફૂટ લાંબો અને ગોરિલ્લાથી બે ગણો ભારે વાનર પ્રજાતિનો એક જાનવર રહેતું હતું. જે હવામાન પરિવર્તનને કારણે લુપ્ત થઈ ગયું હતું. વૈજ્ઞાનિકો લાંબા સમયથી આવા વિશાળ પ્રાણીઓ વિશે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તેમના ગુમ થવાનું મોટું રહસ્ય હજુ પણ યથાવત છે. વૈજ્ઞાનિકોને જે જીવાશ્મ વૈજ્ઞાનિકોને મળ્યો છે, તેનું નામ જાઈગેંટોપિથેક્સ બ્લેકી છે જે જર્મન- ડચ જીવાશ્મ વિજ્ઞાની જીએચઆર વૉન કોઈનિગવાલ્ડે શોધી કાઢ્યું હતું. તેમને દક્ષિણ ચીનની ગુફાઓમાં તેના દાંત અને જડબાના અવશેષો મળ્યા હતા. લગભગ ૨ મિલિયન વર્ષ જૂની ગુફાઓમાં સેંકડો દાંત મળી આવ્યા હતા. પરંતુ યુવાન ગુફાઓમાં બહુ ઓછા દાંત જોવા મળ્યા છે. અભ્યાસથી વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું કે આ પ્રાણીઓના આહારમાં માત્ર સમયની સાથે જ બદલાવ આવતો નથી.

પરંતુ તેમને આબોહવા પરિવર્તનનો પણ સામનો કરવો પડ્યો હતો. આ અભ્યાસ નેચર જર્નલમાં પ્રકાશિત થયો છે. સંશોધકોનું કહેવું છે કે આ પ્રાણીઓ આબોહવા પરિવર્તનને સહન ન કરી શક્યા અને ૨.૯૫ લાખથી ૨.૧૫ લાખ વર્ષોની વચ્ચે લુપ્ત થઈ ગયા. વળી, ઝાઇકોન્ટોપીથેકલની વસ્તી લગભગ ૨૦ લાખ વર્ષ પહેલા વિકાસ પામી હતી. જે જંગલમાં રહીને ફળ ખાતાં હતાં.

### રશિયાના ભારે હુમલાથી બરબાદ યુક્રેન ભારતની શરણે

# યુક્રેને પુન : નિર્માણ માટે ભારત પાસેથી મદદ માગી

। (એજન્સી) કીવ, તા.૧૩ ।

રશિયાના ભીષણ હુમલાઓના કારણે બરબાદ થઈ રહેલા યુક્રેને ભારત પાસે મદદ માંગી છે. યુક્રેનનુ કહેવુ છે કે, દેશ તબાહ થઈ ગયો છે અને ઈકોનોમી ખાડે ગઈ છે ત્યારે દેશમાં પુન નિર્માણ માટે ભારત મદદ કરે. જેથી યુક્રેનમાં વિશ્વના બીજા દેશોનુ રોકાણ વધારી શકાય. યુક્રેનના ડેપ્યુટી ફાઈનાન્સ મિનિસ્ટર વોલોદમેર કૂજયોએ ગુજરાતમાં યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત સંમેલનમાં પોતાના દેશની ઈકોનોમીને ફરી પાટા પર ચઢાવવાનો પ્લાન રજૂ કર્યો હતો. વાઈબ્રન્ટ ગુજરાતમાં યુક્રેનના મંત્રીને આમંત્રણ આપવામાં આવ્યુ છે તે વાતને ભારતની વિદેશ નીતિમાં બદલાવનો સંકેત માનવામાં આવી રહ્યો છે.

યુક્રેને પણ ભારત પાસે પોતાની ઈકોનોમીને સહાય કરવા માટે મદદ માંગી છે. તે પણ એવા સમયે જ્યારે ભારત રશિયા પાસેથી મોટા પાયે તેલ ખરીદી રહ્યુ છે. ઉપરાંત ભારત અને રશિયા વચ્ચેના સબંધો દાયકાઓ જૂના છે. યુક્રેનની સરકાર ઈચ્છે છે કે, દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં જેમ કે હાઈવે, દરિયાઈ બંદરો, રેલવે ટ્રેક, સ્ટોરેજ વગેરેમાં ભારત મદદ કરે. સાથે સાથે યુક્રેનમાં હજારો ચોરસ ફૂટ એરિયામાં સુરંગો પડી છે. તે હટાવવા માટે પણ યુક્રેન ભારતની મદદ માંગી રહ્યું છે. જોકે ભારત દ્વારા આ મુદ્દે હજી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી પણ જાણકારોનુ માનવુ છે કે, ભારત યુક્રેનમાં ઈન્વેસ્ટેમેન્ટ કરવાનુ પસંદ નહીં કરે. કારણકે યુક્રેન અને રશિયા વચ્ચેનુ યુધ્ધ લાંબુ ખેંચાઈ રહ્યુ છે. કારણકે પશ્ચિમના દેશો યુક્રેનને મદદ કરી રહ્યા છે. ઉપરાંત ભારતની ઈકોનોમી હજી ૩ ટ્રિલિયન ડોલરનુ કદ ધરાવે છે. ભારત અત્યારે વિકાસશીલ દેશ છે. બીજી તરફ રશિયા સાથેના સારા સબંધોના કારણે આ યુધ્ધને લઈને ભારત પોતાનુ તટસ્થ વલણ અપનાવવાનુ ચાલુ રાખે તેવી શક્યતા વધારે છે.


## વિશેષ

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં 'જીવો-જીવવાદો-જીવાડો'નો જીવદયા અભિગમ સાકાર થશે

# રાજ્યભરમાં ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી - ૨૦૨૪ સુધી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા અને ઘાયલ પક્ષીઓની સારવારનું અનોખું અભિયાન કરૂણા અભિયાન

**અહેવાલ – ગોપાલ મહેતા, પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ**





આગામી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગની દોરીથી કોઇ અબોલ પક્ષી-પશુ ઘાયલ ન થાય તેની પૂરતી સતર્કતા સાથે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી-૨૦૨૪ દરમ્યાન રાજ્યવ્યાપી કરૂણા અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને દિશા-દર્શનમાં યોજાશે. આ અભિયાનના દિવસો દરમ્યાન સમગ્ર રાજ્યમાં દરરોજ સવારે ૭ થી સાંજે ૬ કલાક સુધી તમામ તાલુકાઓમાં વન વિભાગ દ્વારા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવશે. જીવો, જીવવાદો અને જીવાડો''ની જીવદયા ભાવના સાથે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વન વિભાગે આ વર્ષે ઉત્તરાયણ પર્વ દરમ્યાન ઘાયલ થતાં પક્ષીઓની ત્વરિત સારવાર વ્યવસ્થા માટે વોટ્સએપ નંબર તથા વેબસાઈટ પણ કાર્યરત કર્યા છે. તદઅનુસાર, વોટ્સએપ ૮૩૨૦૦૦૨૦૦૦ ઉપર મેસેજ કે મિસ કોલ કરો ત્યારબાદ એક લિંક પ્રાપ્ત થશે અને એ વેબસાઈટ ઉપર કલીક કરવાથી જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો મળી શકશે. એટલું જ નહીં વનવિભાગના હેલ્પ લાઈન નંબર ૧૯૨૬ તેમજ પશુપાલન વિભાગના હેલ્પ લાઈન નંબર ૧૯૬૨ ઉપર ઘાયલ પક્ષીઓની સારવાર માટે મદદ લઈ શકાશે.

આગામી ઉત્તરાયણ દરમ્યાન જો કોઈ પક્ષી ઘાયલ થાય તો તેની સારવાર માટે રાજ્યભરમાં આ વર્ષે ૯૦૦થી વધુ પક્ષી નિદાન સારવાર કેન્દ્રો, ૭૦૦થી વધારે વેટરનિટી તબીબો તેમજ ૭૭૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત રહેવાના છે. ઉત્તરાયણ જેવા તહેવારો અને લોકોત્સવોની ઉજવણી દરમ્યાન અબોલ જીવોની ચિંતા કરી તેની સારવાર-માવજતનું આ કરૂણા અભિયાન ગુજરાતની આગવી પહેલ બન્યું છે. ગયા વર્ષે કુલ ૧૩,૦૦૮ પક્ષીને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. બોક્સ મેટર - ઉત્તરાયણ પર્વ દરમ્યાન નિર્દોષ પશુ-પંખીઓના જીવ ના હણાય અને તેઓની કાળજી લેવા વન વિભાગ તરફથી કરવામાં આવી નમ્ર અપીલ

☐ ચાઈનીઝ અને સિન્થેટિક દોરીનું વેચાણ, સંગ્રહ કે ઉપયોગ ટાળવો.

☐ પતંગ ઉત્તરાયણના દિવસે જ સવારના ૯:૦૦ કલાક થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન ચગાવીએ.

☐ વૃક્ષો, ઈલેકટ્રીક અને ટેલીફોન લાઈનની ઉપર લટકતા પક્ષીઓને બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં ન મૂકીએ.

☐ ઘાયલ પક્ષી ઉપર પાણી ન રેડીએ. તેમજ તેની ઉપર દોરી વીંટળાઈ ગઈ હોય તો એને ખેંચીને દૂર કરવાનો પ્રયત્ન ન કરીએ. જરૂર પડે દોરીને કાતરથી કાપીને દૂર કરીએ.

☐ ઘાયલ પક્ષી જોવા મળે તો નજીકના પક્ષી બચાવો કેન્દ્રનો સંપર્ક કરીએ તથા વન વિભાગની હેલ્પ લાઈન નંબરને જાણ કરીએ.

☐ જો પક્ષીને લોહી નીકળતું હોય તો તેવા સંજોગોમાં એના ઘા ઉપર હળવેથી રૂ મુકી લોહી નીકળતું બંધ કરીએ અને શાંતિથી અને ખલેલ કર્યા વગર નજીકના સારવાર કેન્દ્ર ખાતે લઈ જઈએ.

☐ તાત્કાલિક નિકટના પ્રાથમિક સારવાર કેન્દ્ર અથવા ઓપરેશન થિએટરે લઈ જવું કરૂણા અભિયાનમાં જોડાવો અને નિર્દોષ પક્ષીઓને બચાવો.

☐ તાલીમ પામેલા સ્વયંસેવકોએ જ પક્ષી બચાવવાની કામગીરી કરવી જોઈએ.

☐ દોરીના ગુંચડા જ્યાં ત્યાં ફેંકશો નહીં અને જ્યાં ત્યાં લટકતા દેખાય તો તેનો યોગ્ય નિકાલ કરીએ.

☐ ઉત્તરાયણના દિવસે તુક્કલ ન ચઢાવીએ તથા ફટાકડા ફોડવાનું ટાળીએ.

☐ "સૌ સાથે મળી અબોલ જીવોને ઘાયલ થતા બચાવીએ"

**ન્યૂઝ બ્રિફ**

### સુરતમાં બાઇક સવાર પિતા-પુત્રને સિટી બસે લીધા અડફેટ

। સુરત, તા.૧૩ ।

શહેરમાં વધુ એક બસે કિશોરનો જીવ લીધો છે. સુરતના બમરોલી વિસ્તારમાં આજે વહેલી સવારે ૧૨૦ ફૂટ રોડ પર સિટી બસે બાઈક સવાર પિતા -પુત્રને અડફેટે લીધા હતા. જેમાં પુત્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુ છે. અકસ્માતની જાણ થતા સ્થાનિક પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, આજે વહેલી સવારે ૬.૩૦ કલાકની આસપાસ પિતા પોતાના ધોરણ ૧૧માં ભણતા પુત્ર ગૌરવ રાજેશ બારડોલિયાને શાળામાં મુકવા જઈ રહ્યા હતા. તે દરમિયાન એક બ્લૂ સિટી બસે બાઈક સવાર પિતા-પુત્રને અડફેટે લીધા હતા. જેમાં પિતાની સામે જ કિશોરનું મોત નીપજ્યુ હતુ. આ અકસ્માત અંગે સંબંધીના જણાવ્યા પ્રમાણે, 'છોકરાને શાળાએ મુકવા જઈ રહ્યા હતા. આશાપુરા સોસાયટી પાસે પિતા પુત્રીનું વાહન સ્લીપ થઈ ગયુ હતુ. જેની પાછળ બ્લૂ બસ આવી રહી હતી.

### ચાંદખેડામાં હવામાં ચાર પાંચ રાઉન્ડ ફાયરિંગ થયાની ઘટના સામે આવી

। સુરત, તા.૧૩ ।

પૌત્રીની ઉંમરની બાળકી સાથે શારીરિક અડપલાં કરનાર આધેડને સાત વર્ષની સજા ફટકારી સુરત કોર્ટે દાખલારૂપ ચુકાદો આપ્યો છે. ૬૨ વર્ષના વૃદ્ધ સામે ચાલઈ રહેલા કેસમાં કોર્ટે આ ચુકાદો આપ્યો છે. સૂત્રો અનુસાર ૧૦ વર્ષની સગીરની છેડતી કેસમાં આરોપીને સાત વર્ષની સજા ફટકારવામાં આવી છે.સુરત કોર્ટે ૬૨ વર્ષના વૃદ્ધને સજાનો ચુકાદો આપ્યો છે. જહાંગીરપુરા હાઇરાઈઝ બિલ્ડિંગના ટેરેસ પર છેડતી કરી હતી. ૬૨ વર્ષીય મનહર ત્રિકમ સુરતી દ્વારા છેડતી કરાઈ હતી. જહાંગીરપુરા પોલીસે કેસમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

**પોતાના મોજ શોખ પૂરા કરવા માટે બનાવટી વિજિલન્સ ટીમ અથવા પત્રકારની ધમકી આપી તોડ કરતી ચાર લોકોની ગેંગને પોલીસે ઝડપી લીધી છે.**

# મોરવા હડફમાં બનાવટી વિજિલન્સ સ્કવોર્ડ અને પત્રકાર બની તોડ કરતા ૪ ઝડપાયા






। પંચમહાલ , તા.૧૩ ।

ઘટનાની વાત કરીએ તો પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના સંતરોડ હાઈવે ઉપર પસાર થતા કેટલાક શંકાસ્પદ વાહનોની તપાસ કરતા બુટલેગરો અથવા લોકો પાસેથી સ્ટેટ વિજિલન્સ ટીમના નામે તોડ કરી પૈસા કમાતી ચાર નકલી વિજિલન્સ ટીમ ના લોકોની મોરવા હડફ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ ભાવિન રાઠોડના હાથે ઝડપાઈ છે.

આ ચાર લોકોની ટોળકી અમદાવાદ પાર્સિંગની ગાડી લઈને પોતાના ગેરકાયદેસર કામ કરવા નીકળ્યા હતા અને પોલીસના હાથે ઝડપાયા બાદ તેમાંથી ત્રણ લોકો જોડે પ્રેસના કાર્ડ પણ મળી આવ્યા છે. અને એક નિવૃત્ત કર્મચારી હોવાનું પણ સામે આવ્યું છે તેમ જ તેમની ગાડીની તપાસ કરતા પોલીસે તેની અંદરથી ઈંગ્લિશ દારૂ પણ મળ્યો છે.

આ ચાર શખ્સોની વાત કરીએ તો તે લોકો અમદાવાદ અને ગાંધીનગરના રહેવાસી છે. પકડાયેલ ચાર શખ્સો ના નામઃ-

૧- ગૌરાંગ શાંતિલાલ વાજા,
૨- અક્ષયભાઈ પ્રવીણભાઈ પટેલ,
૩- જીતુભાઈ રમણભાઈ ઓડ,
૪- મનુભાઈ રવજીભાઈ રાવળ

ગાડી નંબરઃ- જી. જે. ૦૧ એફ.ટી ૨૦૫૯

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ ચાર લોકો આ ગાડીમાં સવાર થઈ પોતાને નકલી પોલીસ અથવા વિજિલન્સ ટીમ અથવા પત્રકારની ઓળખ આપીને દારૂનો ધંધો કરતા હોય તેમ બીવડાવી નિર્દોષ વ્યક્તિઓને ખોટા કેસમાં ફસાવી દેવાની મારીને તોડ પાણી કરતા હોવાની માહિતી સામે આવી છે.

આ ચાર લોકો સિન્ડિકેટ ગેંગના લોકો એક વ્યક્તિને ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકીઓ આપીને તોડપાણી કરવાની ફિરાકમાં હોવાની ચોક્કસ બાતમીના આધારે મોરવા(હ) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.એસ.આઈ ભાવિન રાઠોડ દ્વારા ગોઠવવામાં આવેલ એક વ્યુહાત્મક છટકામાં નકલી વિજિલન્સ ટીમના અધિકારી ની ઓળખ આપતા આ ચાર આરોપીઓ અસલી પોલીસ ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા. આ તમામ પાસેથી પોલીસ તંત્રએ ૬ મોબાઈલ ફોનો સાથે ૫૦ હજાર રૂપિયા રોકડા જપ્ત કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

મોરવા (હ) ની અસલી પોલીસના હાથે પકડાઈ ગયેલા નકલી વિજિલન્સ સ્કોર્વોડ ના ચાર આરોપીઓ સંતરોડ ખાતે ટેકરા ફળીયામાં રહેતા અરવિંદાબેન અર્જુનભાઈ પટેલ ના ઘરે હાથ મા ડંડોઓ સાથે ઘૂસી જઈને ગાંધીનગર વિજિલન્સ ટીમ માથી આવીએ છીએ અને તમો દારૂનો ધંધો કરો છો જણાવીને શોધખોળ હાથ ધર્યા બાદ પોતે સાથે લાવેલા વિમલનો થેલો ઘર આંગણામાં મૂકીને એમાં દારૂ છે કેસમાં ફીટ કરી દઈશું ને ધમકીઓ આપીને એક લાખ રૂપિયાની તોડપાણી કરવાનો સોદો કરતા હતા આ દરમિયાન હાજર ઈસમે આ લોકો પાસે જ આઈ કાર્ડ જોવાનો આગ્રહ દેખાડતા આ શરૂ થયેલ દમદાટીઓમાં નકલી વિજિલન્સ સ્કોર્વોડની ટીમનો પર્દાફાશ થયો હતો. (૧) ગૌરાંગ શાંતિલાલ વાજા રહે.સી.૧૫ આશાપુરા સોસાયટી ધોળાસર પોલીસ ચોકી પાસે મણીનગર, અમદાવાદ (૨) અક્ષય પ્રવીણભાઈ પટેલ રહે. સૂર્ય કિરણ કોમ્પ્લેક્સ બચુરામ આશ્રમની બાજુમાં ઘોડાસર, અમદાવાદ (૩) જીતુ રમણભાઈ ઓડ રહે. આંતરસુબા ઓડવાસ તાલુકો કપડવંજ અને (૪) મનુભાઈ રવજીભાઈ રાવળ રહે. ધોળાકુવા ઠાકોર વાસ (ગાંધીનગર) સામે ઈ.પી.કો ૩૮૪,૪૫૨,૧૭૦,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કર્યો છે.

પોતાના મોજ શોખ પૂરા કરવા માટે મહેનતનો રસ્તો છોડી ગેરકાયદેસર અને ખોટા રસ્તે ચડી પોતાની ખોટી ઓળખ આપી રોફ જમાવતા અને તોડ કરીને ફરતા લોકો પર પોલીસ હવે વધુ સતર્ક બની છે તે એક ખૂબ સારી વાત છે. પોતે કોઈ પોલીસ અધિકારી હોય મોટો પત્રકાર હોય અથવા કોઈ નેતાનો પી.એ હોય તેવી ખોટી ઓળખ આપી ફરતા બોગસ લોકો પર જાહેર જનતાએ પણ નજર રાખવી જોઈએ, સતર્ક રહેવું જોઈએ અને કોઈપણ ઘટનાને બનતી જાણવા મળે તો તેને અટકાવી પોલીસની મદદ લેવી જોઈએ.

**રાજ્યમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે**

## કડીના કુંડાલ ગામના ૨૬ વર્ષના યુવકનું હાર્ટ એટેકથી મોત

### હાર્ટ એટેક વધવાને અને કોરોના સાથે સાંકળતું નથી તેમ છતાં એ હકિકત છે કે કોરોના કાળ પછી હૃદય સંબંધી બીમારીઓ પણ વધી છે

। (એજન્સી) કડી, તા.૧૩ ।

રાજ્યમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. કોરોના બાદ હાર્ટ એટેક આવવાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. જો કે મેડિકલ સાયન્સ કે આરોગ્ય વિભાગ હાર્ટ એટેક વધવાને અને કોરોના સાથે સાંકળતું નથી તેમ છતાં એ હકિકત છે કે કોરોના કાળ પછી હૃદય સંબંધી બીમારીઓ પણ વધી છે. આ દરમિયાન મહેસાણાના કડીમાં હાર્ટ એટેકની ઘટના સામે આવી છે. કડીમાં એક યુવાનનું હાર્ટ એટેકથી મોત થયું છે. કડીના કુંડાલ ગામમા રહેતા નિકુંજ પટેલ નામના ૨૬ વર્ષીય યુવાનનું જન્મ દિવસે જ હાર્ટ એટેકથી મોત થતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. થોડા દિવસ પહેલા દિલ્હીના નોઈડામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. અહીં ક્રિકેટ મેચ રમી રહેલા એક યુવા ક્રિકેટરનું રન લેતી વખતે અચાનક હાર્ટ એટેક આવતા મોત થયું હતું. આ ઘટના થાણા એક્સપ્રેસ-વે વિસ્તારના સેક્ટર-૧૩૫માં બની હતી. હાલમાં આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોવા મળે છે કે કેવી રીતે એક ક્રિકેટર મેચની વચ્ચે રન લેવા માટે દોડી રહ્યો છે અને પછી તે અચાનક પીચની વચ્ચે ઢળી પડે છે. પોતાના સાથી ખેલાડીને પીચ પર પડતા જોઈને મેદાન પર હાજર તમામ ખેલાડીઓ તેની પાસે દોડી આવ્યા છે.

**જૂનાગઢ જિલ્લાના ૩ ડિવિઝનમાં કુલ નવ જેટલા કલેક્શન સેન્ટર અને ૧૮ જેટલા સારવાર કેન્દ્રો બનાવવામાં આવ્યા છે**

## ૧૪ જાન્યુઆરીએ ઉત્તરાયણ છે ઘાયલ પક્ષીઓ માટે શરૂ કરાયા સારવાર કેન્દ્રો

જૂનાગઢ જિલ્લાના ૩ ડિવિઝનમાં કુલ નવ જેટલા કલેક્શન સેન્ટર અને ૧૮ જેટલા સારવાર કેન્દ્રો બનાવવામાં આવ્યા છે.

। જૂનાગઢ, તા.૧૩ ।

ઉત્તરાયણની ઉમંગભેર ઉજવણી કરવામાં આવે છે, તો જૂનાગઢવાસીઓ પણ હરખભેર ઉત્તરાયણના પર્વની ઉજવણી કરે છે. પરંતુ આ દિવસ પક્ષીઓ માટે કાળનો દિવસ પણ બની જતો હોય છે. ચાઈનીઝ દોરી અને પાકા દોરાને લીધે અનેક પક્ષીઓના ગળા કપાય છે, અને તેના લીધે પક્ષીઓને જીવ ગુમાવવાનો વારો આવે છે .ત્યારે આ પ્રકારની ઘટનામાં તુરંત જ પક્ષીઓને સારવાર મળી રહે તે માટે જીવદયા પ્રેમીઓ આગળ આવ્યા છે અને તમામ પ્રકારની પરિસ્થિતિમાં પહોંચી વળવા માટે સરકારે પણ કમર કસી છે. જૂનાગઢમાં ઘાયલ પક્ષીઓને બચાવવા માટે વન વિભાગના સહયોગથી પ્લાસવા પાસે આવેલ વન વિભાગના ઘાસ ડેપો ખાતે પક્ષીઓની હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે . જૂનાગઢ જિલ્લાના ૩ ડિવિઝનમાં કુલ નવ જેટલા કલેક્શન સેન્ટર અને ૧૮ જેટલા સારવાર કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. આ સાથે વધુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોય, તેવા પક્ષીઓને સારવાર આપવા માટે કરુણા શિબિરમાં દસ દિવસ રાખવામાં આવશે, જ્યાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ આ પક્ષીઓને સાજા કરવા માટે જહેમત ઉઠાવશે. પક્ષીઓના કરુણા અભિયાનમાં આગળ આવવા માટે અને પક્ષીઓને જીવ બચાવવા માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને જીવદયા પ્રેમીઓ આગળ આવ્યા છે. જેમાં પતંગની દોરીથી જે પક્ષીઓને ઈજા થાય છે અથવા કે પક્ષીઓ ઘાયલ થાય છે, તેનો જીવ બચાવવા માટે તાત્કાલિક જે તે સ્થળે પહોંચી શકાય તે માટે અલગ અલગ ૧૮ જેટલા સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે અને સરકાર દ્વારા નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે. જો તમે પણ આસપાસના વિસ્તારમાં ક્યાંય પણ ઘાયલ પક્ષીઓને જુઓ છો, તો તમે પણ તાત્કાલિક સરકાર દ્વારા જાહેર કરેલા આ નંબર પર સંપર્ક કરી શકો છો.







### કચ્છના ગાંધીધામમાં કરોડો રૂા.ની લૂંટનો પ્રયાસ કરવામાં આવ્યો

। ગાંધીનગર, તા.૧૩ ।

કચ્છના ગાંધીધામમાં કરોડો રુપિયાની લૂંટનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ૨ કરોડથી વધુની રકમ ભરેલી કેશવાન લઈ એક શખ્સ ફરાર થઈ ગયો હતો. એક શખ્સ બેંકની કેશવાન ઉઠાવી ગયો હતો. સ્ટેટ બેંક નજીકથી કેશવાન હંકારીને ફરાર થઈ ગયો હતો. જો કે ગણતરીની મીનીટોમાં જ કેશવાન મળી આવી હતી. પોલીસે એક શખ્સને પકડી પાડ્યો છે. કેશવાનમા બે કરોડથી વધુની રકમ હોવાનો અંદાજ છે. આ કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કેશવાનમા બે કરોડથી વધુની રકમ હોવાનો અંદાજ છે. આ કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨